કિંમત ₹ ૫

# શ્રી સ્વામિનારાયણ

માસિક

પ્રકાશન દર માસની ૧૧ તારીખે • સળંગ અંક : ૧૨૨ • જૂન ૨૦૧૭

## શ્રી ઘનશ્યામ મહોત્સવ



પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧







૧. આઈ.એસ.એસ.ઓ. અંતર્ગત રાલે (નોર્થ કેરોલીના) અમેરિકા મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.લાલજી મહારાજશ્રી તથા દર્શનનો લાભ લેતા સ્થાનિક હરિભક્તો. ૨. નેસવિલે-ટેનીસી (અમેરિકા) મંદિરનું ભૂમિ પૂજન કરતા તથા સભામાં દર્શન આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી . ૩. ક્લીવલેન્ડ (અમેરિકા) મંદિરના નવમા પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ.લાલજી મહારાજશ્રી તથા શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવકો સાથે વિવિધ વિષય પર ચર્ચા કરતા પ.પૂ.લાલજી મહારાજશ્રી.



# શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર
વર્ષ - ૧૧ ● અંક : ૧૨૨
જૂન-૨૦૧૭
(મૂળ વર્ષ ૪૯)



**સંસ્થાપક**
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
www.swaminarayanmuseum.com
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**Mo. : 9099098969**
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**
એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in
**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | લીંબતરુ | ૦૬ |
| ૦૪. | મુક્તોની સભામાં સદા વિરાજતાં સર્વોપરી શ્રીહરિ | ૦૮ |
| ૦૫. | ઈષ્ટદેવનો ખબરદાર થઈ મહિમાએ સહિત નિશ્ચય રાખે તે જ પરમ પદને પામે | ૧૦ |
| ૦૬. | શ્રી ઘનશ્યામ મહોત્સવ | ૧૨ |
| ૦૭. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૪ |
| ૦૮. | સત્સંગ બાલવાટિકા | ૧૬ |
| ૦૯. | પ્રશ્ન પેટી | ૧૮ |
| ૧૦. | ભક્તિ સુધા | ૨૩ |
| ૧૧. | સત્સંગ સમાચાર | ૨૮ |

# अस्मदीयम्

ચૈત્ર વૈશાખ ખૂબજ તપ્યા છે. હવે તો સામાન્ય માણસ પણ એ.સી. વાપરતો થયો છે. જેથી ગરમી - તાપ સહન કરી શકતો નથી. પચીસ ત્રીસ વર્ષ પહેલા ગામડાઓમાં વિજળી નહોતી આવી ત્યારે વગર પંખે બપોરના અને રાત્રે પણ મીઠી નિંદર આવતી. આજે એજ ગામડાઓમાં એ.સી. અને પંખામાં એવી ઉંઘ આવતી નથી. આપણા પ.પૂ. મોટા મહારાજશ્રી અને વર્તમાન પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ પણ એવી ટેવ પાડેલી કે વગર પંખે ગમે તેવા ગામોમાં પણ બપોરની ઉંઘ આરામથી લેતા. તે ઘણા સંતો-હરિભક્તો પણ જાણે છે. માણસ આખો દિવસ ટેન્સનમાં જીવે છે. ત્યારે આટલું ટેન્સન નહોતું. ડાયાબિટીસ રાજ રોગ ગણાતો તે આજે ઘરોઘર પ્રસરી ગયો છે. દરેકનું જીવન ટેન્સનમય થઈ ગયું છે. શરીરમાં પરસેવો પાડવો જોઈએ. પણ પરસેવો પડે તેવી મહેનત કોઈને કરવી નથી. જેથી આવા અનેક રોગો શરીરમાં ઘર કરી ગયા છે. જોકે હવે યોગ દ્વારા ઘણા રોગો ઘરમૂળથી મટી ગયાના દાખલા છે. યોગ અંગેની ખૂબજ જાગૃતિ આવી છે. આપણા સંપ્રદાયમાં ૨૦૦ વર્ષ પહેલા સ.ગુ. ગોપાળાનંદ સ્વામી અષ્ટાંગ યોગ કરતા અને ઘણા સંતો વૈદ્ય પણ હતા અને નિઃસ્વાર્થ, નિઃશૂલ્ક આર્યુવેદિક દવા તૈયાર કરીને સમાજના બિમાર લોકોને આપતા અને તેનું સ્વાસ્થ્ય ખૂબજ સારું કરી આપતા. આવા તો અનેક સંતો હતા. તેનું આપણે ગૌરવ લેવું જોઈએ.

ચાતુર્માસનો પ્રારંભ થશે. જગતના લોકોને આપણા જેવું આધ્યાત્મિક સુખ નથી મળતું. આ ચાર માસ લગભગ દરેક સત્સંગી વિશેષ નિયમ કરશે. શિક્ષાપત્રીમાં આઠ નિયમ પૈકી કોઈ એક નિયમ પાળવાનો ખટકો રાખશો. શાસ્ત્રોનું વાચન, પ્રદક્ષિણા, દંડવત, નજીકના આપણા મંદિરને વાળવું, પોતા કરવા, આવા કોઈ નિયમમાંથી એક નિયમ ચોક્કસ લેશો. સર્વોપરી ભગવાન શ્રીહરિ આપ સૌ ઉપર ખૂબજ રાજી થશે. નાના બાળકોને ખાસ ટેવ પાડજો.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ



## પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની

# તવારીખ (મે-૨૦૧૭)




| | |
|---|---|
| ૧ | શ્રી સ્વામિનારાયણ મંદિર માણસા અને ઉનાવા પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૨ | શ્રી સ્વામિનારાયણ મંદિર હર્ષદ કોલોની અને બોપલ પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૩-૪ | શ્રી સ્વામિનારાયણ મંદિર ભક્તિનગર (માનકુવા) પાટોત્સવ પ્રસંગે પધરાણી. |
| ૫ થી ૧૨ | અમેરિકાના ધર્મ પ્રવાસે પધરામણી. |
| ૧૪ | પ.ભ. પ્રતિકભાઈ ઠક્કરને ત્યાં પધરામણી, વસ્ત્રાપુર. |
| ૧૫-૧૬ | શ્રી સ્વામિનારાયણ પ્રસાદી મંદિર ભુજ (કચ્છ) પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૭ | શ્રી સ્વામિનારાયણ મંદિર ઈશ્વરપુરા (બહેનોનું) (માણસા) પુનઃ મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે અને ભાઈઓના મંદિરના પાટોત્સવ પ્રસંગેપધરામણી. |
| ૧૮ | શ્રી સ્વામિનારાયણ મંદિર વેગડવાવ (તા. હળવદ મૂળી દેશ) પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૮ થી ૩૦ | અમેરિકામાં રાલે શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે અને જેકશન વિલે મંદિરનું ખાતમુહૂર્ત પ્રસંગે પધરામણી. |
| ૩૧ | શ્રી સ્વામિનારાયણ મંદિર ઘાટલોડિયા (આર.સી. ટેકનિકલ રોડ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. |

## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની

(મે-૨૦૧૭)



| | |
|---|---|
| ૧૨ | શ્રી સ્વામિનારાયણ મંદિર પેથાપુર પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૪ | શ્રી સ્વામિનારાયણ મંદિર આદરજ કથા પારાયણ પાટોત્સવ પ્રસંગે પધરામણી |
| ૧૬ | શ્રી સ્વામિનારાયણ મંદિર ધોળકા પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૨૧ થી ૩૦ | અમેરિકા રાલે નોર્થ કેરોલીન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે અને શ્રી સ્વામિનારાયણ મંદિર કલિવલેન્ડના પાટોત્સવ પ્રસંગે પધરામણી. |



# લીંબતરુ

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

ગઢપુરના એભલ ખાચર સોરઠના ''નાઘેર'' વિસ્તારમાં સારી જાતવંત દુધાળી ભેંશો ખરીદવા એક ગામથી બીજા ગામ ફરે છે, ત્યાં ઉમેજ નામે ગામની વાડીએ બપોરાનો વિશ્રામ અને ઘોડાને પાણી પાવા અંદર પ્રવેશ કર્યો. ત્યાં એક ખેડૂત કોશ હાંકતો ઉનાળુ મોલને પાણી પાતો હતો. ધોરિયામાં પાણી ચાલ્યું જતું હતું. ત્યાં એભલ ખાચરનો ઘોડો પાણી પી રહ્યો હતો તેવામાં થોડે નજીકમાં એક લીમડાના ઝાડ નીચે બે સન્યાસી મહાત્મા વિઠ્ઠલાનંદ અને બાળાનંદ નામે બેઠા હતા. જેઓ પૂર્વાશ્રમમાં બાપ દીકરો હતા. અને મહા સમર્થ મહાપુરુષ સિધ્ધપુરુષ આત્માનંદ સ્વામીના શિષ્ય હતા. ગુરુની કૃપાથી બન્ને સંન્યાસીને આત્મજ્ઞાન પ્રાપ્ત થઈ ચૂક્યું હતું. જેઓ ત્રણેક કાળના રહસ્યને યથાર્થ જાણી શકતા હતા. બન્ને મહાપુરુષો કોઈ પરલોકની દિવ્ય વાતોની ચર્ચા કરતા કરતા વિઠ્ઠલાનંદે એક કાંકરી હાથમાં લઈને લીમડાના નીચે નાના લીમડાના એક છોડ ઉપર કાંકરી મારીને બોલ્યા કે મને દેખાય છે કે, આ લીમડાની નીચે સાક્ષાત્ પ્રગટ ભગવાન આવીને બિરાજમાન થશે. એવું લીમડાનું ભાવિ જણાય છે. કેમ કે આ વૃક્ષમાં કોઈ મહાન મુક્તનો આત્મા દેખાય છે. જ્યાં આવા આત્મા હોય ત્યાં પરમાત્મા અવશ્ય પધારે છે.

એભલ ખાચરની નજર આ વિઠ્ઠલાનંદની શબ્દોની વાણી પર હતી. કાનોકાન સાંભળ્યું અને નજરે નજર લીંબતરુ જોઈ લીધો. મનમાં પવિત્ર પુણ્યશાળી વિચારોના વાદળો ભેગા થવા લાગ્યાં. આ લીંબતરુમાં પવિત્ર આત્મા અને તેની છાયામાં પ્રગટ ભગવાન બિરાજશે તે શબ્દો હૃદયના ઉંડાણમાં પહોંચી ગયા. અને પોતે ''ના ઘેર''માં ભેંશો ખરીદવાના વિચારને એક બાજુ મુકીને લીંમતરુને ગઢપુર લઈ જવાના સંકલ્પ મનોરથ વિચારવા લાગ્યા. પ્રભુ કૃપાથી આવેલા સારા યોગ-સંજોગ અને સાત્વિક વિચારોને પકડી લેવા વાળા પરમાત્માને પામી જાય છે.

મન મજબુત બન્યું. લીમતરુના છોડને ગઢપુર લઈ જવાનો પંથ લાંબો છે. મનમાં થયું કે વળી લોકો કહેશે કે બાપુ ભેંશો લેવા ગયા અને ઝાડવું લઈને આવ્યા ? તો કાઠીયાવાડમાં ક્યાં લીમડાની એવી ખોટ છે જે છેક નાઘેરથી લાવવો પડે ? બીજા રજવાડા વાળા મને દેખીને મજાક કરશે ? કેટલાક મહિનાઓ ફર્યા અને પછી જાતવંત ભેંશો ખરીદવાના બદલે ઝાડવું લઈને ઘરે આવ્યા ? આવા અસંખ્ય વિચારોનો મનમાં ઢગલો થવા લાગ્યો.

મનમાં વિચાર પાકો કર્યો કે, આ લીંબડો મારે ગઢપુર લઈ જવો અને મારા દરબાર ગઢના ચોકમાં વાવવો, જેથી સાધુના વચન પ્રમાણે ભવિષ્યમાં ભગવાન પધારે અને અમારુ ગઢડું અને અમે બધા ધન્ય થઈ જઈએ. આવા હળાહળ કલિકાળમાં ભગવાન ઘેર આવે એથી મોટો ક્યો લાભ માનવો ? જો ભગવાન મળતા હોય તો ભેંશો ને જતી કરુ ખરીદાયેલી ભેંશોને માલિકને પાછી દઈ દઉ અને ભગવાન અને ભેશ બન્નેનું કામ ભેગું થાય

તેમ નથી.

ભગવાન આવશે તો બધા મનોરથ પુરા થશે અને અમારી આગળ પાછળની બધી પેઢીનો સામટો ઉદ્ધાર થઈ જશે. ભૂતકાળમાં ઘણી ભૂલો કરી છે. ઘણા લાભ ચૂકી ગયો છું, હવે જ્યારે નજરની સામે ભગવાન મળે એવું દેખાડતા હોય તો એવો ભગવાનની ભેટો કરાવે એવા લીમડાને મારે જવા નથી દેવો.

લીમડો ભલેને કડવો હોય પણ મારા માટે તો મધથી પણ મીઠો છે.

લીમડાને લઈ જવાનો વિચાર પાકો થયો તે અંતરની વાતને વિઠ્ઠલાનંદે જાણી તેથી એભલ ખાચરને અવકાશ આપવા બન્ને સંન્યાસી જય સચ્ચિદાનંદ કહી ઉભા થઈને પોતાની વાટ પકડી લીધી. એભલ બાપુએ આત્માની સાક્ષીએ સંન્યાસીને હાથ જોડી વંદન કર્યા.

એભલ ખાચરે ખેડૂત પાસે લીમડાના છોડને લઈ જવા રજા માગી. ખેડૂતની વાડીમાં તો લીમડાઓ અસંખ્ય હતા. પરંતુ વિઠ્ઠલાનંદની વાણીથી ખેડૂત અજાણ હતો એટલે કહ્યું કે બાપુ એક નહીં અનેક લીમડા લઈ જાઓ આ વાડીતો તમારી જ છે.

ખેડૂતના પાવડા વડે નાના એવા લીંબતરુને માટી સાથે જીવની જેમ સાચવી સાચવીને જમીનમાંથી ઉપાડીને છોડાને જોગાણ દેવાના તબડકામાં મુકી ખેડૂતને રામ રામ કહીને નીકળ્યા, અને કહેતા ગયા કે ભરવાડને કહેજો કે એભલ ખાચરે હવે ભેંશો લેવાનું માંડી વાળ્યું છે. અને લીમડાના છોડને લઈને ઘર તરફ ચાલી નીકળ્યા છે.

કેટલાક દિવસે ઉમેજથી નીકળીને એક મણ માટીનો ભાર ઉપાડીને ગઢપુર લાવ્યા અને પોતાના દરબાર ગઢના ચોકમાં એમણે અંતરના ખરા ભાવથી વાવ્યો.

અને એવું વ્રત લીધું કે જ્યાં સુધી લીમડાને નવી કૂંપળો ના ફૂટે ત્યાં સુધી અનાજ ખાવુ નહીં, અને દરબાર ગઢની બહાર જવું નહિ. ખાતર પાણી સમયે સમયે આપે, દિવસ રાત લીમડાનું જ ધ્યાન થાય. દરબારગઢની ઓસરીમા ઉભા ઉભા ભગવાનને પ્રાર્થના કરતા કહેતા હે, છોડમાં બિરાજમાન રણછોડ ! વહેલી કૂપળો આવે અને મારી પેઢીયોનો ઉદ્ધાર થાય.

થોડા દિવસ બાદ સવારમાં ઉઠતાં જ નાની કૂંપળો ફુટેલી જોઈ બાપુનું મન મોર બનીને નાચવા લાગ્યું પછી લીધેલા કડક નિયમો છોડી પારણાં કર્યા.

પછી તો જાણે લીમડો છપૈયામાં પ્રગટેલા અક્ષરધામના અધિપતિ ઘનશ્યામ પ્રભુ સાથે નિત્ય વાતો કરતો હોય એવો અનુભવ એભલ ખાચરને થવા લાગ્યો.

એભલ ખાચર ભગવાન જલ્દી આવે એ હેતુથી નિત્ય પરિવારની સાથે બેસીને શ્રીમદ્ ભાગવત મહાપુરાણનું પઠન ચાલુ કર્યું.

''લીમડો દિવસે ન વધે એટલો રાત્રે વધે અને રાત્રે ન વધે એટલો દિવસે વધે'' આ કહેવત મુજબ મોટો ''ઘેઘૂર'' ઘટ્ટાવાળી છાયા વાળો આઠેય દિશામાં ફેલાતો જ રહ્યો.

એકવાર કારીયાણીના માંચા ખાચર પાસેથી ભગવાન સ્વામિનારાયણ પ્રગટ થયા તે વાત સાંભળીને હવે વિઠ્ઠલાનંદના વચન ઢુંકડા દેખાવા લાગ્યા અને અનંત કોટી બ્રહ્માંડના અધિપતિ શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુએ ગઢપુર પધારીને લીમતરુની છાયામાં મળવાનું ઠેકાણું અને કાયમી સરનામું બનાવી દીધું. અને વિઠ્ઠલાનંદના વચન સત્ય થયાં.

વચનામૃત વડતાલ-૧૨માં શ્રીહરિએ એકવાર ''ધન્ય વૃદાવનવાસી વડની છાયા રે જ્યાં હરિ બેસતા'' એ કીર્તન સંતો પાસે ગવડાવ્યું પછી બોલ્યા કે, પરમેશ્વરના યોગને પામીને વૃક્ષનો જન્મ હોય તે પણ કૃતાર્થ થાય છે. માટે જે તળે ભગવાન બેઠા હોય તે વૃક્ષને પણ પરમપદનું અધિકારી જાણવું.

આપણા સંપ્રદાયના તીર્થોમાં આવા અનેક વૃક્ષના દેહમાં રહેલા અક્ષરધામના મુક્તો આજે પણ દર્શન આપે છે. તથા શ્રીજી મહારાજની લીલાઓની પ્રત્યક્ષ સાક્ષી પૂરે છે. આવા મુક્તોનાં દર્શન સર્વ પાપને હરનાર અને ભગવાનનો ભેટો કરાવે છે. આવા મુક્તોની છાયા નીચે ઉભા રહીને વંદન કરીને જે જે મનોકામના કરવામાં આવે છે તે સકળ મનોરથ પુરા કરે છે. આપણા મોટા ભાગ્ય છે કે, આટલા વર્ષો વીતી ગયા તોય પણ આપણા હિત માટે શ્રીજી મહારાજે આવા મુક્તોને હજી સત્સંગમાં રાખ્યા છે. આ અંગે આધારભૂત માહિતી મેળવતાં જણાયું છે કે, હજી સંપ્રદાયમાં નાના મોટા તીર્થોમાં રહેલા વૃક્ષના દેહના અક્ષરધામના મુક્તો આશરે ત્રણસો જેટલા દર્શન આપી રહ્યા છે. આવા પ્રગટ મુક્તોનાં દર્શન કરવાનો લ્હાવો લેવો જોઈએ. ભગવાનને મળેલા મુક્તોમાના વૃક્ષના દેહમાં મુક્તો આજે પણ પ્રગટ દર્શન આપી રહ્યા છે. તેમના દર્શન પૂજન કરનાર પર ભગવાન પ્રસન્ન થાય છે.

નીચેના તીર્થમાં આ મહાન મુક્ત વૃક્ષોની યાદી :

(અનુ. પેજ નં. ૧૧ ઉપર)



# મુક્તોની સભામાં સદા વિરાજતાં સર્વોપરી શ્રીહરિ

- શાસ્ત્રી નિર્ગુણદાસ (અમદાવાદ)

॥ प्रहर्षणीयवृत्तम् ॥

मुक्तानां सदसि सदा विराजमानं पूर्णेन्दुप्रवरमुखाब्जपत्रनेत्रम् ।
मन्दारस्थलरुहकुन्दसारहारं धर्मांगप्रभवमहं हरिं प्रपदये ॥१॥
अम्भोजध्वजकलशांकुशोर्ध्वरेखागोपदप्रमुखसुक्ष्मपादपद्मम् ।
सामोदभ्रमरविगुंजितावचूलं धर्मांगप्रभवमहं हरिं प्रपदये ॥२॥
भक्तेभ्यो विहितसबीजसांख्ययोगं प्रावारप्रचलितकंचुकाभिरामम् ।
श्रीखण्डप्रवरतमालपत्रमीशं धर्मांगप्रभवमहं हरिं प्रपदये ॥३॥
विद्योतन्मणिमयहेमकुण्डलश्रीकर्णाग्रोत्तमकुसुमावतंसरम्यम् ।
श्रीवत्सोल्लसितमुजान्तरं सदीशं धर्मांगप्रभवमहं हरिं प्रपदये ॥४॥
संसारप्रशमनकारणप्रतापं विभ्राणं सुरुचिरमौक्तिकीं च मालाम् ।
हस्ताग्रे सुललितमालिकां दधानं धर्मांगप्रभवमहं हरिं प्रपदये ॥५॥
शान्तानां विदलितमानमत्सराणां कामादिप्रबलविपक्षनिर्जयानाम् ।
साधूनामनिशमवेक्षणीयरूपं धर्मांगप्रभवमहं हरिं प्रपदये ॥६॥
वेदान्तैरूदितसुकीर्तिमाप्तकामं जुष्ठांघ्रिविजितविदुषणैर्मुनिन्द्रैः ।
ब्रह्माण्डस्थपतिसुरेश्वरैकनाथं धर्मांगप्रभवमहं हरिं प्रपदये ॥७॥
रम्याणां विमलसुवर्णभूषणानां श्रीमत्तामवयवशोभया दधानम् ।
धर्मान्तप्रभवनवीनमेघनीलं धर्मांगप्रभवमहं हरिं प्रपदये ॥८॥
॥ इति अचिन्त्यानन्दवर्णिविरचितं धर्मनन्दनाष्टकम् समाप्तम् ॥

આ પૃથ્વી ઉપર મનુષ્ય દેહ ધારણ કરીને પ્રગટ થયેલાં સર્વોપરી સર્વ અવતારના અવતારી પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણના જે દુર્વાસા મુનિના શ્રાપના નિમિત્તે મનુષ્ય ધરીને વિચરતા હતાં તે ઋષિમુનિઓને સમાચાર મળ્યા કે તરત જ સર્વપ્રકારના જગતના સુખો પંચવિષયોનો તત્કાલ ત્યાગ કરીને શ્રીહરિના દિવ્ય ચરણોમાં આત્મ સમર્પણ કરીને તે પ્રભુની સેવામાં જોડાઈ ગયા હતાં તેમાંના આ મહાન પરમહંસો તે શ્રીહરિના જેવા પોતે જોયા જાણ્યા છે. અને અનુભવ્યા છે તેવા પરમેશ્વરના ગુણો જગતના જીવ માત્રને જાણવા સમજવા મળે તે શુભ હેતુથી તે દિવ્ય ગુણોનું કીર્તનો પદ અષ્ટકો અને સત્શાસ્ત્રોરૂપે વર્ણન કરતાં તેમાં વર્ણિરાજ અચિંત્યાનંદજી આ અષ્ટકમાં ધર્મનંદન ભગવાન શ્રીહરિની પ્રાર્થના કરે છે. તેમાં તેમણે સંસ્કૃતનો પ્રહર્ષણી નામના છન્દનો પ્રયોગ કર્યો છે. જે સુરક્ષાના ભાવને વ્યક્ત કરે છે.

मुक्तानां सदसि सदा विराजमानं पूर्णेन्दुप्रवरमुखाब्जपत्रनेत्रम् ।
मन्दारस्थलरुहकुन्दसारहारं धर्मांगप्रभवमहं हरिं प्रपदये ॥१॥

પરમ એકાન્તિક એવા અક્ષરમુક્તોની વિશાળ સભામાં ઉંચા સિંહાસન ઉપર સદા વિરાજમાન શરદપૂર્ણિમાંના ચન્દ્ર સમાન વિશાળ તેજસ્વી મુખારવિન્દ વાળા સરોવરમાં ખીલેલા કમળની પાંખડી જેવા સુંદર નેત્રો

(આંખો) વાળા હે શ્રીહરિ તમે શોભો છો. અને તમારા દિવ્ય અદ્ભૂત સુશોભિત કંઠમાં ગંધમાદન પર્વતના સરોવરમાં ખીલેલાં અને સુવર્ણના સમાન તેજસ્વી કાન્તિ વાળા કમળોનો શ્રેષ્ઠ હાર ધારણ કરેલો છે. એવા ધર્મઋષિના અવતાર હરિપ્રસાદ વિપ્રના પુત્ર હે શ્રીહરિ આપના ચરણોંનો હું શરણાગત થઈને પ્રાર્થના કરું છું. (૧)

अम्भोजध्वजकलशांकुशोर्ध्वरेखागोपदप्रमुखसुक्ष्मपादपद्मम् ।
सामोदभ्रमरविगुंजितावचूलं धर्मांगप्रभवमहं हरिं प्रपदये ॥२॥

જેમના દિવ્ય ચરણ કમળમાં આકાશ ધ્વજ કલશ અંકુશ ઉર્ધ્વરેખા ગોપદ આદિ મુખ્ય પરમાત્માના સૂચક સામુદ્રિક શાસ્ત્રમાં કહેલા અદ્ભુત ચિન્હોએ યુક્ત સુંદર અને માપસરના નાના કમળ જેવા પગ છે. શ્વેત ચન્દ્રના જેવા ઉજ્જવલ વસ્ત્રો ધારણ કરેલા છે. જેને સુંદર પુષ્પો સમજીને ભમરાઓ ચારે બાજુ ગુંજારવ કરે છે. એવા ધર્મઋષિના અવતાર હરિપ્રસાદ વિપ્રના પુત્ર હે શ્રીહરિ આપના ચરણોંનો હું શરણાગત થઈને પ્રાર્થના કરું છું. (૨)

भक्तेभ्यो विहितसबीजसांख्ययोगं प्रावारप्रचलितकंचुकाभिरामम् ।
श्रीखण्डप्रवरतमालपत्रमीशं धर्मांगप्रभवमहं हरिं प्रपदये ॥३॥

પોતાના શરણે આવેલા એવા એકાન્દિક ભક્તોને સાંખ્ય અને યોગ શાસ્ત્રના રહસ્યોને વિગત પૂર્વક આ અબીજ સાંખ્ય અર્થાત્ ઈશ્વરવાદમાં પરમેશ્વરના અસ્તિત્વમાં માનનાર સાંખ્યશાસ્ત્રના જ્ઞાતાનું જ્ઞાન છે. અને નિર્બીજ સાંખ્ય શાસ્ત્રનું જ્ઞાન તે ઈશ્વરને નહી માનનારા સાંખ્ય શાસ્ત્રના જ્ઞાતાઓનું જ્ઞાન છે. યોગ જે આઠ અંગોનું જ્ઞાન, યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ તેને પણ વિગતથી સભામાં સમજાવતા અને પ્રવાળાના સમાન સુંદર રંગોથી સુશોભીત અંગ ઉપર વસ્ત્રો ધારણ કરેલાં છે. તે એવા શોભી રહ્યા છે જાણે તાલ પત્રો ઉપર શ્વેત હિમખંડ અર્થાત બરફનો સ્તર જામી ગયો હોય ને શું ! એવા ધર્મઋષિના અવતાર હરિપ્રસાદ વિપ્રના પુત્ર હે શ્રીહરિ આપના ચરણોંનો હું શરણાગત થઈને પ્રાર્થના કરું છું. (૩)

विद्योतन्मणिमयहेमकुण्डलश्रीकर्णाग्रोत्तमकुसुमावतंसरम्यम् ।
श्रीवत्सोल्लसितमुजान्तरं सदीशं धर्मांगप्रभवमहं हरिं प्रपदये ॥४॥

આકાશમાં જેમ વીજળીના ચમકારા થાય છે તેમ ચમકતા દિવ્ય સૂર્યકાન્તમણિ અને ચન્દ્રકાન્તમણિથી સુશોભિત સુવર્ણના કુંડળો શ્રેષ્ઠ એવા આકાર વાળા કાનોના અગ્ર ભાગે શોભી રહ્યા છે. મસ્તક ઉપર ધારણ કરેલ પાઘમાં ખોસેલા ઉત્તમ પ્રકારના સુગંધીવાળા પુષ્પોના તોરાઓ રમણિય લાગે છે. શ્રીવત્સના ચિન્હથી શોભિત ઉપડતા વક્ષઃ સ્થળ અર્થાત છાતી વાળા અને બેય મજબુત ભુજાઓ બન્નેય હાથો સત્પુરૂષ એવા પોતાના એકાન્તિક ભક્તોની સદા રક્ષા કરવા માટે છે એવા ઈશ્વર મૂર્તિ છો.એવા ધર્મઋષિના અવતાર હરિપ્રસાદ વિપ્રના પુત્ર હે શ્રીહરિ આપના ચરણોંનો હું શરણાગત થઈને પ્રાર્થના કરું છું. (૪)

संसारप्रशमनकारणप्रतापं विभ्राणं सुरुचिरमौक्तिकीं च मालाम् ।
हस्ताग्रे सुललितमालिकां दघानं धर्मांगप्रभवमहं हरिं प्रपदये ॥५॥

આપના શરણે આવેલાં જીવ માત્રના જન્મ મૃત્યુ રૂપ સંસારના દુઃખોને નાશ કરવાના સામર્થ્યરૂપ પ્રતાપવાળા છો. મનને અતિશે રૂચિકર અર્થાત્ મનગમતા સુંદર મોતીઓની માળાઓ મોતીના હાર કંઠને વિષે શોભી રહ્યા છે. અને પોતાના જમણા હાથમાં શ્રેષ્ઠ કલાથી ગોળાકાર મણકાઓ વાળી તુલસીના કાષ્ઠની માળા ધારણ કરેલ છે.એવા ધર્મઋષિના અવતાર હરિપ્રસાદ વિપ્રના પુત્ર હે શ્રીહરિ આપના ચરણોંનો હું શરણાગત થઈને પ્રાર્થના કરું છું. (૫)

शान्तानां विदलितमानमत्सराणां कामादिप्रबलविपक्षनिर्जयानाम् ।
साघूनामनिशमवेक्षणीयरूपं धर्मांगप्रभवमहं हरिं प्रपदये ॥६॥

આપના આ દિવ્ય સ્વરૂપના દર્શન કરનારા ભક્તોના હૃદયમાંથી સુખ શાંતિને નાશ કરનારા એવા માન મત્સર અને કામ આદિ બળવાન અન્તઃશત્રુઓને જીતાવીને તેમના હૃદયમાં શાંત શિતળતા આપનારા છો. મોક્ષની ઈચ્છાવાળા મુમુક્ષુ સાધુ પુરૂષો સજ્જન પુરૂષોને નિર્નિમેશ નેત્રોથી સદા દર્શનીય એવું તમારૂ દિવ્ય સ્વરૂપ છે.એવા ધર્મઋષિના અવતાર હરિપ્રસાદ વિપ્રના પુત્ર હે શ્રીહરિ આપના ચરણોંનો હું શરણાગત થઈને પ્રાર્થના કરું છું. (૬)

वेदान्तैरूदितसुकीर्तिमाप्तकामं जुष्टांघ्रिविजितविदुषणैर्मुनिन्द्रैः ।
ब्रह्माण्डस्थपतिसुरेश्वरैकनाथं धर्मांगप्रभवमहं हरिं प्रपदये ॥७॥

હે શ્રીહરિ આપની કીર્તિ અને યશગાન સદા વેદાન્ત શાસ્ત્ર કરે છે. અને પૂર્ણકામ થયેલાં જીવમાત્રને દુષણ રૂપ એવા કામ ક્રોધાદિ અન્તઃશત્રુઓને જીતેલાં એવા મુનિઓ સદા આપના ચરણ કમળનું સેવન કરે છે. અનંતકોટી બ્રહ્માંડના પતિ અને દેવ દાનવ મનુષ્ય સૌના એક માત્ર નાથ અધિષ્ઠાતા નિયન્તા એવા ધર્મઋષિના અવતાર હરિપ્રસાદ વિપ્રના પુત્ર હે શ્રીહરિ આપના ચરણોંનો હું શરણાગત થઈને પ્રાર્થના કરું છું. (૭)

रम्याणां विमलसुवर्णभूषणानां श्रीमत्तामवयवशोभया दघानम् ।
धर्मान्तिप्रभवनवीनमेघनीलं धर्मांगप्रभवमहं हरिं प्रपदये ॥८॥

હે શ્રીહરિ આપના અવયવો એવા સુંદર છે કે જે કંઠ કર્ણ બાહુ હાથ કટી અને ચરણ રમણિય સુંદર સુવર્ણના હાર કુંડળ બાજુબંધ કડા કંદોરો અને ઝાંઝર જેવા આભૂષણોને પણ શોભાવે છે. વર્ષાઋતુના પ્રારંભના પ્રથમ પ્રથમ આકાશમાં ચડી આવેલાં મેઘ ગર્જના કરતાં વાદળોના જેવા ઘાટા અને ગંભીર રંગે યુક્ત સુંદર મનુષ્ય દેહ (શરીર) ધારણ કરેલા એવા ધર્મઋષિના અવતાર હરિપ્રસાદ વિપ્રના પુત્ર હે શ્રીહરિ આપના ચરણોંનો હું શરણાગત થઈને પ્રાર્થના કરું છું. (૮)

# ઈષ્ટદેવનો ખબરદાર થઈ મહિમાએ સહિત નિશ્ચય રાખે તે જ પરમ પદને પામે

- જયંતીભાઈ કે. સોની (મેમનગર)

ભગવાનનો મહિમા સહિત દ્રઢ નિશ્ચય ન હોય તેને તો નપુંસક જેવો જાણવો. તે એને વચને કરીને કોઈ જીવનો ઉદ્ધાર થવાનો નથી અને તેના મુખ થકી ગીતા-ભાગવતને સાંભળે તેણે કરીને કોઈનું કલ્યાણ થતું નથી તેમાંથી તો મૂળગું ભૂંડુ થાય છે. (વ.-૧૨)

વ્રત, તપ, નિયમ, સત્સંગ, નવધા ભક્તિ, ધ્યાન વિગેરે શ્રીજી પ્રસન્નતાનાં સાધન કરીએ છીએ તેમાંથી ભગવાનનો સંબંધ કોને છે અથવા કોને થયો કહેવાય (પ્ર. ૬૨) ના વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણે સંબંધની વ્યાખ્યા આપી છે. "જે ને ભગવાનના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય હોય તેને જ ભગવાનનો સંબંધ થયો કહેવાય. માટે જેને જે સંગાથે સંબંધ હોય તેનાં ગુણ તેમાં સહેજે આવે - ભગવાનનાં સંબંધે કરીને ભગવાનના કલ્યાણકારી ગુણ આવે છે. અને ભક્ત પણ ભગવાનની જેમ અતિ સમર્થ અને નિંર્બંધ થાય છે.

યથાર્થ આજ્ઞા પાળનારા અને નવધા ભક્તિએ યુક્ત એવા ભક્તોનો ભગવાન આના આજ જન્મે મોક્ષ કરે છે.

ભગવાનના યથાર્થ નિશ્ચય વગરના જીવો ભલે નિયમ, સત્સંગ, નવધા ભક્તિ વિગેરે કરતા હોય, પણ તેમને તો ગુણબુધ્ધિવાળા જ કહેવાય. કાયદેસરનો સંબંધ તેમને ન કહેવાય. તેવા ભક્તોનું આત્યંતિક કલ્યાણ યથાર્થ નિશ્ચય થયા બાદ જ થાય છે. ટૂંકમાં ભગવાનના નિશ્ચયની વાત પરિપકવ કરવા માટે નીચેના મુદ્દાઓ હૃદયમાં ઉતારવાથી પરમેશ્વરના સ્વરૂપનો અડગ નિશ્ચય થાય છે.

**(૧) સૌ પ્રથમ તો ભગવાન શ્રી સ્વામિનારાયણનું સર્વોપરિપણું સમજવું :** શ્રીજી મહારાજ જીવકોટી, માયાકોટી, ઈશ્વર કોટી, બ્રહ્મકોટી અને અક્ષરકોટીથી પર છે. સર્વ અવતારના અવતારી છે. સર્વેના નિયંતા છે. સર્વોપરિ છે. અને સર્વ કારણના પણ કારણ છે. આજ વાત શ્રીજી મહારાજે અમદાવાદ-૭ ના વચનામૃતમાં પણ કરી છે. સર્વોપરિ ભગવાન જે હું એક જ છું. બીજા બધા જ નાના મોટા મારા અવતાર છે."

**(૨) ભગવાનનું સગુણપણું - નિર્ગુણપણું સમજવું પડે - પુરુષોત્તમ નારાયણનું સગુણ** નિર્ગુણપણાની વાત આવે ત્યારે ત્યાં પુરુષોત્તમ નારાયણના તેજનું એટલે કે ભગવાનના અન્વય સ્વરૂપનું સગુણ-નિર્ગુણપણું સમજવું.

**નિર્ગુણપણું :** ભગવાનની અન્વય શક્તિ જે તેજ તેને લીધે જ જીવ કોટી, ઈશ્વર કોટી, બ્રહ્મ કોટી, સ્વયં કોટી અને અક્ષર કોટી વિગેરે પોતાની ક્રિયાને અર્થે સમર્થ થાય છે. માટે તે જ (અન્વય સ્વરૂપ) તે સર્વેનું કારણ કહેલું છે અને શ્રીજી મહારાજ તો એ તેજ નાં પણ કારણ હોવાથી તેમને સર્વ કારણનાં પણ કારણ કહેવાય છે. આમ આ તેજ નિર્ગુણપણે સર્વ કોટીઓમાં વ્યાપેલું હોવા છતાં પણ સર્વ થકી અતિશે નિર્લેપ, અસંગી અને અતિ સુક્ષ્મ અને પ્રકાશેયુક્ત છે.

**સગુણપણું :** શ્રીજી મહારાજના આ તેજનું બીજું લક્ષણ એ છે કે આજ તેજ સગુણપણે અષ્ટાવરણેયુક્ત અનંતકોટી બ્રહ્માંડો, ઈશ્વરકોટી, બ્રહ્મકોટી તથા અક્ષરકોટી સર્વેને પોતાની અન્વય શક્તિએ કરીને તેજ દ્વારા ધરી રહ્યા છે અને પોતે તો ક્ષર-અક્ષરથી ન્યારા છે.

**(૩) ભગવાનનું અન્વય - વ્યતિરેક સ્વરૂપ સમજવું - આ સ્વરૂપો વાસ્તવમાં શું છે ? :** ભગવાન શ્રી સ્વામિનારાયણ તેમનું સદા એકજ દિવ્ય સ્વરૂપ પોતાનાં અક્ષરધામમાં દિવ્ય મુક્તોએ સહિત રહેલું છે. (લોયા-૪, વચનામૃત) એ જ તેમનું મૂળરૂપ છે. જેને વ્યતિરેક સ્વરૂપ કહેવાય છે. જ્યારે શ્રીજી મહારાજ જીવકોટી, ઈશ્વર કોટી, બ્રહ્મકોટી તથા અક્ષરકોટીને વિષે પોતાના તેજ દ્વારા રહેલા છે જે શ્રીજી મહારાજનું અન્વય સ્વરૂપ કહેવાય છે. આમ અક્ષરધામમાં મૂળરૂપ તે વ્યતિરેક સ્વરૂપ આને પોતાના તેજ ને શ્રીજી મહારાજનું અન્વય સ્વરૂપ કહેવામાં આવે છે.

**(૪) ચોથી બાબત મહારાજનું કર્તા-અકર્તા અન્યથા કર્તાપણું સમજવું :**

**કર્તાપણું :** પ્રથમ ઉત્પત્તિ સમયે ભગવાન જે અક્ષરસામું દ્રષ્ટિ કરે છે. કહેતા અંતર્યામી શક્તિએ કરીને પ્રેરણા કરે છે. આમ ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય સૌ પ્રથમ પોતાની ઈચ્છા એ જ કરે છે તેથી તે કર્તા કહેવાય છે.

**અકર્તા :** હવે પોતે મૂળ અક્ષર દ્વારા એ કરાવે છે તેથી કર્તા થકા અકર્તા કહેવાય છે.

**અન્યથા કર્તા :** મૂળ અક્ષર દ્વારા થયેલ સૃષ્ટિમાં પોતે કોઈપણ પ્રકારનાં નીતિ નિયમ વગર પોતે સ્વતંત્ર મરજીથી કોઈપણ કાર્ય કરવા સમર્થ છે. જે તે અન્યથા કર્તાપણું કહેવાય છે. જેમ કે અક્ષરધામ વિના પણ પોતાના મુક્તોને પોતાના ઐશ્વર્ય કરીને ધારવાને સમર્થ છે. એટલે કે મુક્તોને પોતાની મૂર્તિમાં લીન કરીને પોતે સ્વરાટ થકા એકલાજ વિરાજમાન રહે એ મહારાજનું અન્યથાકર્તાપણું જાણવું.

**(૫) પાંચમી બાબત - અવતાર - અવતારી ભેદ**

**અવતાર :** ભગવાન પોતાની અન્વયશક્તિને (તેજ દ્વારા) પ્રધાનપુરુષ, મૂળ પુરુષ - મહાપુરુષ કે પ્રકૃતિપુરુષ એ ત્રણે એકજ છે. વિગેરેમાં આર્વિભાવ થાય છે તેણે કરીને તે તે પુરુષ ભગવાનનો અવતાર કહેવાય છે. આ અન્વય સ્વરૂપનાં અવતાર છે.

પણ જ્યારે પંડે સ્વયં પુરુષોત્તમ નારાયણ આ પૃથ્વી ઉપર અવતાર ધારીને પધારે ત્યારે તે પુરુષોત્તમ (યતિરેક સ્વરૂપે, મૂળ સ્વરૂપે) પોતે જ છે અને તે જ અવતારી છે. સ્વતંત્ર છે, સર્વના સ્વામી છે, નિયંતા છે. સર્વોપરિ અને સર્વકારણના કારણ છે તે જ આપણા ઈષ્ટદેવ છે.

**(૬) મનુષ્ય ભાવ અને દિવ્યભાવ સમજવો :** મુનિબાવે બ્રહ્માનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે પ્રથમ તો ભગવાનનો નિશ્ચય હોય અને ભજન-સ્મરણ કરતો હોય પણ ભગવાનના મનુષ્ય ચરિત્ર દેખીને નિશ્ચયમાં સંશય થઈ જાય છે તેનું શું કારણ છે ? પંચાળા-૪ વચનામૃત.

દરેક શાસ્ત્રમાં ભગવાનનું મનુષ્ય સ્વરૂપ અને દિવ્ય સ્વરૂપ બંનેનું વર્ણન આવે છે - આ બંને રૂપને જાણીને જેણે શ્રવણ-મનન કરીને દ્રઢ નિશ્ચય કર્યો હોય તેને તો કોઈ રીતે સંશય થતો નથી. પણ જેને આવી રીતે સમઝણ નથી તેને ભગવાનના નિશ્ચયમાં સંશય થાય છે.

ભગવાન મનુષ્યરૂપ ધારણ કરે ત્યારે દેહના ભાવ જે બાળક થવું, યુવાન થવું, વૃધ્ધ થવું તથા મરી જવું વિગેરે તથા અન્ય ભાવો જેવા કે કામ, ક્રોધ, લોભ, મોહ, સ્વાદ, સ્નેહ, રાગ, દ્વેષ વિગેરે દેખાય. વળી ક્યારેક કોઈ કાર્ય પૂર્ણ કરવા દિવ્ય ભાવ પણ જણાવે - ત્યારે આવું સમજી રાખ્યું હોય તો નિશ્ચયમાં ક્યારેય સંશય થાય નહિ.

ધામની મૂર્તિ, મનુષ્ય મૂર્તિ અને પ્રતિમાં મૂર્તિ તેમાં એક રોમનો પણ ફેર નથી. માટે પ્રતિમાને વિષે દિવ્યભાવ, પ્રત્યક્ષ ભાવ લાવવો. તે જ્યાં સુધી નહિ આવે ત્યાં સુધી દિવ્ય ભાવ સમજવાં ફેર જન્મ ધરવો પડે છે.

ઉપરોક્ત બાબતો હૃદયમાં ઉતારી મહારાજનું સર્વોપરી સ્વરૂપ સમજી નિશ્ચય પરિપક્વ કરીને ઉપાસના કરવામાં આવે તો જ આત્યંતિક કલ્યાણને પમાશે. માટે ઠાવકી સમજણ કરી હૃદયમાં ઘેડ ઉતારીને મહારાજનો આશરો કરનારને પરમપદની પ્રાપ્તિ થશે. આમ મહારાજનાં સર્વોપરિ સ્વરૂપનું નિરૂપણ કરવું તેને જ્ઞાન યજ્ઞ કહેવાય, વૃત્તિ પાછી વાળવી તે યોગ યજ્ઞ કહેવાય. એવા યજ્ઞ કરીને જીવ વૃધ્ધિને પામે છે.

અનુ. પેજ નં. ૭ નું ચાલુ

જેતલપુરધામની અક્ષરફુલવાડીમાં ''બોરસલી'' જેની છાયામાં બિરાજીને વચનામૃત કહ્યા અને અનંતવાર સભા કરી હતી. તથા હાઈવે પર ''આંબલી'' અસલાલીમાં વચનામૃતની જગ્યામાં ''આંબો'' છે.

વડતાલ જ્ઞાનબાગમાં આંબલો, લોજમાં આંબલી, આખામાં આમલી, સરધારમાં લીમડો, કરિયાણામાં લીમડો - વડ, નાગડકામાં લીંબડો, ભદ્રેશીમાં લીંબડો, મૂળીમાં લીંબડા (૨), બામરોલીમાં રાયણ, જાળીયામાં આંબલી, કમિયાળામાં વડ, રાજકોટમાં બોરડી, ભોળાદમાં ખીજડો, ગઢડામાં આંબલી (૨), પીપલાણામાં વડ, મેથાણમાં પિપળો, કાલવાણીમાં આંબલી અને વડ, રેથળમાં ખીજડો, કરજીસણમાં વરખડો, વિસનગરમાં આંબા, ભૂજમાં આંબલી-રાયણ-વડ, માનકુવામાં વડ-ખીજડો, સામત્રામાં નગદ, કાળા તળાવમાં આંબલી-વડ, ધમડકામાં ખીજડો, માંડવીમાં વડ. આવા તો અસંખ્ય પ્રસાદીના વૃક્ષો સંપ્રદાયમાં સૌને દર્શન આપી રહ્યા છે.

# શ્રી ઘનશ્યામ મહોત્સવ

## (એક અનેરો ઉત્સવ)

- શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી (અમદાવાદ)



સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપાથી તથા અમદાવાદ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવની દયાથી શ્રી નરનારાયણદેવના પ્રાંગણમાં જ આજથી લગભગ ૬૫ વર્ષ પહેલા અ.નિ. આચાર્ય ૧૦૦૮ શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ સૌ ભક્તોને ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રસાદીભૂત વસ્તુઓના તથા શ્રીહરિના બાલસ્વરૂપના દર્શન થાય એવા શુભ હેતુથી અક્ષરભુવનનું નિર્માણ કરાવી તેમાં બાળ સ્વરૂપ ઘનશ્યામ મહારાજ પધરાવ્યા તથા પ્રસાદીભૂત દિવ્ય પદાર્થો પણ પધરાવી ''અક્ષરભુવન'' એવું સાર્થક નામકરણ કર્યું. સમયના ઘસારે એ મકાન જીર્ણ થતા તેના સ્થાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી મહંત શા. સ્વામીશ્રી હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી તથા સૌ સંતો ભક્તોના તન, મન, ધનના સાથ સહકારથી નૂતન બંસીપુર પહાડ લાલ પથ્થરમાં તથા આરસથી સુશોભિત સુંદર જીર્ણોધ્ધારનું કાર્ય કરવામાં આવ્યું. એ જીર્ણોધ્ધારિત અક્ષરભુવનના ઉદ્‌ઘાટન પ્રસંગે તા. ૩૧-૫-૨૦૧૭થી તા. ૪-૬-૨૦૧૭ પર્યંત પંચદિનાત્મક ભવ્ય ''શ્રી ઘનશ્યામ મહોત્સવ''નું આયોજન કરવામાં આવ્યું હતું.

આયોજનના અંગભૂત 'શ્રી ઘનશ્યામ લીલામૃત'' પંચદિનાત્મક રાત્રીય પારાયણ, અભિષેક, અન્નકૂટ, શ્રી ઘનશ્યામ જન્મોત્સવ તથા ભવ્યાતિભવ્ય રંગારંગ શ્રી મંદિર ઉદ્‌ઘાટન આદિક દિવ્ય પ્રસંગોનું આયોજન કરવામાં

આવ્યું હતું.


દરરોજ રાત્રે ૮-૧૫ થી ૧૧-૦૦ દરમ્યાન હજારો બહેનો-ભાઈઓએ આ ઉત્સવની કથાનો વક્તા મહોદય શા. સ્વામીશ્રી રામકૃષ્ણદાસજીના મુખે લાભ લીધો હતો. ભક્તોને દરરોજ આવવા-જવામાં વિશેષ સુવિધા થાય એ હેતુથી દરેક પરા વિસ્તારોના હરિ મંદિરોમાંથી નિઃશુલ્ક બસની સુવિધા પણ પુરી પાડવામાં આવી હતી. કથા દરમ્યાન દરરોજ ભક્તોને વિશેષ લાભ આપવા સમગ્ર ધર્મકુળ, પ.પૂ. લાલજી મહારાજશ્રી તેમજ વિશેષે કરીને બહેનો માટે પૂ. ગાદીવાળાશ્રી તથા પૂ. મોટા ગાદીવાળાશ્રીએ પણ પધારી વિશેષ સુખ આપ્યું હતું. કથા બાદ દરરોજ રાત્રે નાસ્તારૂપી પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૪-૬-૨૦૧૭ ના રોજ સવારે શ્રી ઘનશ્યામ મહારાજનાં અભિષેક તથા અન્નકૂટના દર્શન કરી સૌ ધન્ય ધન્ય બન્યા હતા. તો એ જ દિવસે સાંજે અતિથિ વિશેષ શ્રી વિજયભાઈ રૂપાણી (મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય) તથા પૂ. મહારાજશ્રીના પાવન સાનિધ્યમાં કથાની પૂર્ણાહુતિ તથા ભવ્ય રંગારંગ કાર્યક્રમ દ્વારા મંચ ઉપર કાલુપુર મંદિરના નિર્માણકાર્યથી આરંભી આજના ઉત્સવ સુધીનું સમગ્ર દ્રશ્ય નૃત્ય નાટિકાના રૂપમાં પ્રદર્શિત કરવામાં આવ્યું હતું. અંતે માનનીયશ્રી મુખ્યમંત્રીશ્રી તથા પૂ. મહારાજશ્રીએ રિબીન કાપી જીર્ણોધ્ધારિત મંદિરને પ્રતિકાત્મક રૂપે ખુલ્લું મુક્યું હતું.

આ સમગ્ર પ્રસંગમાં ધામોધામથી સંતોએ પધારી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. તથા પૂ. આચાર્ય મહારાજશ્રીએ પણ આવા ઉત્સવો દ્વારા સત્સંગની ખૂબ ખૂબ વૃદ્ધિ થાય તેવી શુભકામનાઓ પાઠવી હતી. માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ મૂળ સંપ્રદાય દ્વારા થઈ રહેલા સમાજ સેવા તથા વ્યસનમુક્તિ આદિક સમાજ ઉત્થાનના કાર્યોની ખૂબ ખૂબ પ્રશંસા કરી હતી.

આ સમગ્ર ઉત્સવમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા અવિસ્મરણીય રહી. દેશ-વિદેશમાં વસતા લાખો ભક્તોએ ઈન્ટરનેટ તથા લક્ષ્ય ટી.વી. ના માધ્યમ દ્વારા આ ઉત્સવને માણીને મોક્ષનું ભાથું બાંધ્યું હતું.

આ ઉત્સવ દ્વારા સત્સંગ નવ પલ્લવિત થાય ને આપણા સૌની નિષ્ઠા નરનારાયણદેવના ચરણોમાં વધે તેવી અભ્યર્થના.



શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ



## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

શ્રી નરનારાયણદેવના કમાડ

સંવત ૧૮૭૮ ના ફાગણ સુદ-૩ ના દિવસે ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના ત્રણ (દેવ, શાસ્ત્ર અને ધર્મવંશી આચાર્યપદનું સ્થાપન) ગૂઢ સંકલ્પોમાંથી. પ્રથમ સંકલ્પની પરિપૂર્તિ કરી અને આ ધરા ઉપર સ્વામિનારાયણ સંપ્રદાયનું સૌ પ્રથમ મંદિર અમદાવાદમાં રચાવડાવીને તેમાં ભરતખંડના રાજા અને અખંડ નૈષ્ઠિક બ્રહ્મચારી એવા શ્રી નરનારાયણ દેવની સ્થાપના કરી. અત્યંત હર્ષપૂર્વક પ્રેમથી બાથમાં લઈને - ભેટીને, આ પોતાનું જ સ્વરૂપ છે એમ સરાજાહેર ઉદ્‌ઘોષિત કરીને યુગલ મૂર્તિની પ્રતિષ્ઠા કરી. પોતાનું અલૌકિક ઐશ્વર્ય દેવમાં આરોપ્યું ને સર્વે જીવપ્રાણી માત્રને આશીર્વચન આપતાં જણાવ્યું કે આ દેવના દર્શન પૂજન-સેવનથી તમારા સર્વે સંકલ્પો અચૂકપણે સિધ્ધ થશે.

વિધિવત્ દેવની પ્રતિષ્ઠા પૂર્ણ થઈ તે વખતના ગર્ભગ્રહના મૂળ-અસલ કમાડ-બારણાંના આ મ્યુઝિયમમાં અહીં દર્શન થાય છે. આ કમાડ માત્ર ગર્ભગૃહના મંદિરના નથી તે તો અક્ષરધામના કમાડ છે. સૌ પ્રથમ વખત આ જ કમાડ ખોલીને શ્રીહરિએ સર્વેને મંદિરમાંના દેવનાં દર્શન કરાવ્યા અને સ્વહસ્તે દેવની આરતી ઉતારી છે. વર્ષો સુધી આ બારણાને સ્વયં શ્રીહરિનો, મૂળજી બ્રહ્મચારી - વાસુદેવાનંદ બ્રહ્મચારી આદિક બ્રહ્મચારીઓનો સ્પર્શ છે. આ જીવોના માટે અક્ષરધામમાં જવાનો માર્ગ મોકળો કરી આપનાર આ કમાડ સૌ પ્રથમ ભગવાન શ્રીહરિએ ઊઘાડ્યાં હતાં.

આ બારણાની અંદર દ્રષ્ટિ કરો તો શ્રીહરિ સ્વરૂપ-નરનારાયણદેવનાં દર્શન થાય. અને ત્યાંથી જ અક્ષરધામની વાટે જવાય. કાળાંતરે દેવના કમાડ તો સોના-ચાંદીના થયાં પણ શ્રીજીના સ્પર્શને પામેલા આ મૂળ-અસલ કમાડ તો અમૂલ્ય છે. બંને કમાડ વચ્ચેનો ઉમરો, કે જેના ઊપર બેસીને શ્રીહરિએ અભય વચનોની અમીવર્ષા કરેલી તે હજુ આજે પણ As it is જેમ છે તેમ જ, મંદિરમાં એ જ સ્થિતિમાં દેવની સમક્ષ જ છે.

મંદિરમાં જઈ તે ઉંમરા ઉપર મસ્તક મૂકી અહીં મ્યુઝિયમમાં આવી આ કમાડના દર્શન કરવાથી જ શ્રીનરનારાયણદેવની અખંડ સ્મૃતિ થઈ આવે છે. આ કમાડ ભૌતિક નથી પરંતુ અલૌકિક અને દિવ્ય છે. તેના દર્શન માત્રથી જ દેવ પ્રતિષ્ઠાના ઉત્સવની ઝાંખી સહેજે જ થઈ આવે છે. આત્યંતિક કલ્યાણને પમાડનાર આ એ જ કમાડ છે કે જેને શ્રીહરિએ સ્વયં ખુલ્લા મૂક્યા છે. દેવના અનેક અભિષેક વખતના અમૃતજળના અમી છાંટણા તેની ઉપર થયેલા છે.

આપણે સૌ આ કમાડના દર્શન કરીને ધન્યતા અનુભવીએ અને શ્રીહરિએ આ કમાડ તો આપણા માટે જ બનાવેલા છે તેનો અહેસાસ કરીએ.

- પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**

**મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - મે-૨૦૧૭

| | |
|---|---|
| રૂા. ૫૦,૦૦૦/- | કાંતિલાલ કેશરા ભુડીયા - ફોટડી-કચ્છ |
| રૂા. ૨૧,૦૦૦/- | રમીલાબેન ગોવિંદભાઈ પટેલ - મણીનગર (હ. ગોવિંદભાઈ તથા હર્ષ) |
| રૂા. ૨૧,૦૦૦/- | પુષ્પાબેન જસવંતલાલ દોશી (ભાલજા સાહેબ મંડળ) - અમદાવાદ |
| રૂા. ૧૧,૦૦૦/- | શ્રી સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ગાંધીનગર (હ. શાસ્ત્રી હરિપ્રિયદાસજી સ્વામી) |
| રૂા. ૧૦,૦૦૦/- | અરવિંદ ગોવિંદ હિરાણી - માનકુવા (કચ્છ) |
| રૂા. ૫,૫૦૦/- | સુરેશભાઈ ભગવાનજીભાઈ પરિવાર પ્રથમ પગાર મ્યુઝિયમમાં અર્પણ - માલણીયાદ |
| રૂા. ૫,૦૦૧/- | કૈલાશબેન લાલભાઈ પટેલ - ઉવારસદવાળા હાલ ગાંધીનગર |
| રૂા. ૫,૦૦૦/- | મીનાબેન કે. જોષી - બોપલ અમદાવાદ |
| રૂા. ૫,૦૦૦/- | પટેલ દશરથભાઈ પ્રહલાદભાઈ (માજી ટ્રસ્ટીશ્રી) જન્મ દિન નિમિત્તે - જમીયતપુરાવાળા - અમદાવાદ |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી મે-૧૭

| | |
|---|---|
| તા. ૦૭-૦૫-૨૦૧૭ | દશરથલાલ નાથાલાલ મોદી (ઘનશ્યામ એજન્સી) - પ્રાંતિજ (હ. રોહિતભાઈ તથા દિપકભાઈ) |
| તા. ૧૪-૦૫-૨૦૧૭ | નારણભાઈ પરસોતમભાઈ પટેલ - કરજીસણ વાળા ચિ. ધારા ભરતભાઈના જન્મ દિવસ નિમિત્તે |
| તા. ૧૮-૦૫-૨૦૧૭ | ગં.સ્વ. ગૌરીબેન અમૃતભાઈ પટેલ - મણીનગર (હ. જતીનભાઈ તથા રિતેષભાઈ) નવી ફેકટરી નિમિત્તે |
| તા. ૨૩-૦૫-૨૦૧૭ | મહીર શિવજી હિરાણી તથા બાળા મહીર હિરાણી - લંડન |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
**www.swaminarayanmuseum.org/com • email: swaminarayanmuseum@gmail.com**

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## સાચો મિત્ર કેવો હોય ?

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

વ્હાલા ભક્તો ! મિત્રો ઘણા બધા હોય છે. તાળીયા, લાળીયા, ચપટીયા વગેરે વગેરે.... પણ આજે આપણે સાચા મિત્ર કેવા હોય તેની વાત વાંચીએ.

સ્વામિનારાયણ ભગવાન સંતોને કહે છે - ''હે સંતો ! જગતના જીવને ભગવાનની દિવ્ય અમૃતમય કથાનો કોઈ દિવસ અનુભવ થયો નથી એને તમે અનુભવ કરાવો છો.'' કોની જેમ ? તો કહે છે. ગીંગા અને ભ્રમરની જેમ.

વાત એમ છે કે મિત્રો ! તમને ખ્યાલ હશે, ગીંગો છાણનું જીવડું છે. એ છાણમાં આડું અવળું થયા કરે. જગતમાં પુષ્પની સુગંધનો કેવો આનંદ છે એની એને ખબર ન હોય. આ ગીંગાને અને એક ભમરાને મિત્રતા થઈ ગઈ. એકવાર આ ભમરો ગીંગાને પોતાની પાંખ ઉપર બેસાડીને સરસ મજાના બગીચામાં ફરવા લઈ ગયો. ત્યાં ભમરાએ ગીંગાને ઉપાડીને તાજા ખીલેલાં ગુલાબના પુષ્પ ઉપર મુક્યો. પછી પૂછ્યું. કંઈ સુગંધ આવે છે ? ના, આપણે તો એજ છાણની જ ગંધ આવે છે. પછી તો ભમરાએ મોગરાના પુષ્પ પર મુક્યો તોય એ જ કહ્યું કે મને તો છાણની જ ગંધ આવે છે. આમ ભમરાએ બગીચાનાં બધાય સારા સારા પુષ્પો પર એને બેસાડ્યો પણ એને કોઈ સુગંધ આવી નહી. એટલે છેવટે આ ભમરાને વિચાર થયો કે આમાં કંઈક ગરબડ છે. એટલે એકબાજુ ખેડૂતનો કોષ ચાલતો હતો અને પાણી વહેતું હતું. એટલે આ ગીંગાને એ પાણીમાં નાંખ્યો એટલે આ જીવડું પાણીનું નહી તેથી બેબાકળું થઈ ગયું. અને માડ્યું છીંકુટા મારવા. એટલે પછી ભમરાએ તરત ઉપાડી લીધો. અને ભમરાને થયું કે હવે બરાબર છે. પછી એને ફરીથી પુષ્પ ઉપર મુક્યો એટલે ગીંગો નાચી ઉઠ્યો આ....હા.....હા.... શું સુગંધ છે !! હવે સુગંધ આવી પેલા નહોતી આવતી.

એનું કારણ હતું કે ગીંગાના નાકમાં છાણ ભરાઈ ગયું હતું. ગુલાબ ઉપર બેસાડે કે મોગરા ઉપર પણ સુગંધ ન જ આવે. પછી પાણીમાં નાંખ્યું અને છીંકુટા માર્યા એટલે છાણ નીકળી ગયું. પછી જઈને ફૂલ ઉપર મુક્યો એટલે ગીંગાને સુગંધ આવી.

મિત્રો ! એમ જ્યાં સુધી જગતનું, વિષયનું છાણ મગજમાં ભર્યું હોય ત્યાં સુધી સત્સંગિભૂષણ વાંચો કે ભાગવત વાંચો સુગંધ જ ન આવે. જ્યાં સુધી નાકમાંથી કચરો નીકળી ન જાય ત્યાં સુધી કથાનો આનંદ ન આવે.

એટલે સંતો શું કામ કરે છે ? સ્વામિનારાયણ ભગવાન કહે છે, ''તમે જીવના સાચા મિત્રો છો. જેમ પેલો ભમરો ગીંગાનો મિત્ર થયો તો એનું નાક સાફ કરાવ્યું એમ સાધુપુરુષો જીવમાં જે કુબુદ્ધિ છે, જીવમાં જે ગંદકી ભરી છે એ ભક્તિમાં કે જપમાં બેસારી સાફ કરાવે છે. ભજનમાં બેસો, ધૂનમાં બેસો, માળા ફેરવો, મંદિરમાં આવો, ચાતુર્માસમાં વિશેષ નિયમ લ્યો. જેમ ભમરાને ગીંગા પાસેથી કંઈ મેળવવાનું નહોતું. ગીંગો એને કાંઈ આપી શકે એમ ન હતો. એમ સાધુ પુરુષોએ જગતના જીવ પાસેથી કાંઈ લેવાનું હોતું નથી. કોઈ આશા કે અપેક્ષા હોતી નથી. ભગવાનનું ભજન કરો અને તમે સુખી થાવ. ભગવાને આ ધરતી પર જે લીલા કરી, જે ચરિત્રો વિસ્તાર્યા છે એના શ્રવણમાં એના કીર્તનમાં, એના ભજનમાં કેવો આનંદ છે ? તે જુઓ. જગતના વિષય અને વાસનારૂપી છાણમાં શું પડી રહ્યા છો ? છાણમાં કલબલ કર્યા કરો એના કરતા કથામાં આવો. ઉપાડી ઉપાડીને એટલે કે પ્રેરણા કરી કરીને બોલાવે. આવો ભાઈ, પધારો.... સત્સંગમાં બેસો, પછી એનું અંતર નિર્મળ થાય ભજનની, સત્સંગની સુવાસ જીવનમાં આવે છે. એ રીતે પામર જીવ વિષયનો કીડો મટી ભગવાનનો ભક્ત બની જાય છે.

મિત્રો ! આમ જે નિઃસ્વાર્થ ભાવે જીવનું શ્રેય કરે તેવા સંતો જીવના સાચા સગા છે. સાચા મિત્ર છે. માટે જ કહ્યું છે કે -

**સંત સગા હરિજન સગા**
**અંત સમય મે રામ**
**તુલસી યે સંસારમેં**
**તીનું ઠરન કે કામ.**

●

## શત્રુ કોને કહેવાય ?

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

સ્વામિનારાયણ ભગવાન ભક્તવત્સલ છે. કારણ કે ભગવાનને પોતાના ભક્તજનો બહુ વ્હાલા છે. એનો પુરાવો શ્રીહરિએ સ્વહસ્તે લખેલી શિક્ષાપત્રી છે. શ્રીહરિએ પોતાના ભક્તોને ક્યારે પણ કોઈ તકલીફનો સામનો કરવો ન પડે તેના માટે શિક્ષાપત્રીમાં ઝીણીઝીણી બાબતોને ખૂબજ સુંદર રીતે વણી લીધી છે. જે વ્યક્તિ શિક્ષાપત્રીની આજ્ઞાઓને વ્યવસ્થિત રીતે અનુસરે તો તેને કોઈ દુઃખી ન કરી શકે તેવું આ શિક્ષાપત્રીની આજ્ઞાના પાલનનું મહત્વ છે.

આજકાલ આપણે જોઈએ છીએ કે જ્યાં ને ત્યાં સ્વચ્છતા જાળવવાની અપીલો કરવામાં આવે છે. સ્વચ્છતા ન જાળવનાર પ્રત્યે દંડની જોગવાઈઓ વિષે વિચાર થઈ રહ્યો છે ત્યારે આજની ૧૯૦ વર્ષ પહેલા લખાયેલી શિક્ષાપત્રીમાં ઈષ્ટદેવ શ્રીહરિએ - ‘‘જ્યાં ત્યાં થૂંકવું નહીં, નદી-તળાવના આરા, દેવાલય, વાડી કે વૃક્ષની છાયા વગેરે સ્થાનકોએ મળમૂત્ર કરવા નહી,’’ એક સ્થાનકે બેસી દાતણ કરવું. ‘‘વગેરે જેવા નિયમોને આ નાનકડી શિક્ષાપત્રીમાં સમાવી દીધાં છે. તો આવો આપણે સ્વચ્છતા પ્રત્યેની પ્રેરણાનો એક પ્રસંગ વાંચીએ.

એક વખતની વાત છે - શ્રીજી મહારાજ ઉનાળાના ધોમધખતા સમયમાં એક ગામથી બીજે ગામ જઈ રહ્યા હતા. તાપ ઘણો હોવાને લીધે બધાને વિશ્રાંતિ લેવાની ઈચ્છા થઈ. દૂર દૂર એક આંબાનું વૃક્ષ દેખાયું એટલે શ્રીજી મહારાજ અને સંતો-ભક્તોએ વિચાર્યું કે તે આંબાના વૃક્ષ નીચે બેસીને વિસામો લઈએ. જ્યારે બધા આંબાની નજીક પહોંચ્યા ત્યારે ખબર પડી કે કોઈ માણસ આ વૃક્ષની નીચે બગાડી ગયેલ છે. તેથી ત્યાંથી આગળ ચાલી થોડે દૂર એક વટવૃક્ષ હતું તેની નીચે જઈ સંતો-ભક્તો સાથે શ્રીહરિ વિશ્રાંતિ લેવા બેઠા.

વિશ્રાંતિ લેતા લેતા મહારાજે આગળ બની ગયેલી એક વાત અને આંબાના વૃક્ષની વાતને સાંકળીને કહ્યું કે - ‘‘સસલાને મારનાર પેલો કૂતરો તે સસલાનો સાચો મિત્ર છે અને આંબાના વૃક્ષ નીચે બગાડી જનાર જે તે માણસ તે આંબાનો શત્રુ છે.’’

સસલા વાળી વાત એમ હતી કે - મહારાજની અસવારી સાથે સાથે એક કૂતરો પણ ચાલતો હતો. તેની નજર સસલા પર પડતા જાતી સ્વભાવને આધારે તેણે સસલા પર તરાપ મારી. આ દ્રશ્ય શ્રીહરિએ જોતા હાકોટો માર્યો તેથી કૂતરું નાસી ગયું પણ સસલું તરફડીયા મારવા લાગ્યું. દયાળુ શ્રીહરિએ સસલાને પાણી પાયું અને થોડી જ ક્ષણોમાં મહારાજની હાજરીમાં જ સસલું મૃત્યુ પામી ગયું.

આંબાની વાતને આ વાત સાથે સરખાવતા શ્રીહરિ બોલ્યા પણ તેથી હરિભક્તોને ખ્યાલ ન આવ્યો કે કૂતરો કેવી રીતે મિત્ર અને પેલો માણસ એ કેવી રીતે શત્રુ ? તેથી ભક્તો મહારાજને વિનંતી કરવા લાગ્યા કે, હે પ્રભુ ! એ વાત અમને વિસ્તારપૂર્વક સમજાવો.

ભક્તવત્સલ શ્રીહરિ મંદ હાસ્યેસહિત ભક્તોને કહેવા લાગ્યા. હે ભક્તો ! કૂતરાએ જાતિસ્વભાવે સસલાં પર પ્રહાર કર્યો પણ તેના લીધે સસલાને અમારા હસ્તે જળ મળ્યું અને તેનું મૃત્યુ અમારી હાજરીમાં થયું. જેથી એ જીવનું કલ્યાણ થયું તેથી તે શ્વાન તે સસલાંનો મિત્ર ગણાય. હવે બીજી વાત કે આપણે વિચાર્યું હતું કે પેલા આંબાની છાયામાં જઈને આપણે વિશ્રાંતિ કરીશું. જો કોઈ માણસ તે આંબા નીચે બગાડી ગયો ન હોત ને આપણે બધાએ તે આંબા નીચે વિશ્રાંતિ લીધી હોત તો એ આંબાનું કલ્યાણ થાત, આટલા બધા સંતો, ભક્તો અને અમને વિશ્રાંતિ આપવાની સેવા તે આંબો કરી શક્યો હોત. પણ તેના કોઈ શત્રુએ તે સારી જગ્યા બગાડી નાંખી તેથી તેના કલ્યાણમાં વિક્ષેપ પડ્યો. જીવનો મોક્ષ બગાડે તે શત્રુ કહેવાય.

પેલા માણસને તેના આ કાર્ય બદલ શ્રીહરિના મુખે ‘તે આંબાના શત્રુ’’નું બિરૂદ મળી ગયું. સાથે સાથે ઘણાં બધા સંતો-ભક્તોના હૃદયનો ફીટકાર પણ મળ્યો. આવું દુઃખ કે આવી મુશ્કેલી પોતાના ભક્તજનોને ન ભોગવવી પડે તેથી ભક્તવત્સલ શ્રીહરિએ પોતાના ભક્તજનોના સુખ માટે આવી અનેક આજ્ઞાઓ કરી છે.

બાળ મિત્રો ! ખ્યાલ આવ્યો ને - શ્રીહરિએ શિક્ષાપત્રીમાં કરી છે તે આજ્ઞાઓને જીવનમાં ઉતારશો, તેનું પાલન કરશો તો ક્યારે પણ દુઃખી થવું નહી પડે અને ઈષ્ટદેવનો રાજીપો પ્રાપ્ત થશે.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ શંકર શબ્દનો શો અર્થ છે ?

પ્ર. ૨ ભગવાનદાસ તેની માતાના કહેવાથી ભગવાન શોધવા જતોહ તો. ત્યારે તેણે તેની માતા પાસેથી ભગવાન ઓળખવા માટે શું નિશાની લીધી હતી ?

પ્ર. ૩ ભગવાન શ્રીહરિને પકડવા માટે આવેલ દુષ્કલ અસુર ક્યાંથી આવેલો ?

પ્ર. ૪ ભરતખંડ આર્ય અનાર્ય એમબે ભાગોમાં વિભક્ત થયેલ છે. જેમાં આર્ય દેશમાં સાડાબાર દેશો આવેલા છે. તેમના નામજણાવશો ?

પ્ર. ૫ જેને ભગવાનનોને સંતનો એવો નિશ્ચય હોય તેને તેની કોરનો કેફ વર્તે એમકહીને કોની વાર્તા કરી ?

પ્ર. ૬ શ્રીજી મહારાજ ડોસાભાઈના ખેતરે ગયા ત્યારે ડોસાભાઈ વાવતા હતા. મહારાજ કહે લાવો અમને આવડે છે અમે વાવીએ. એમકહી ખેતરમાં વાવ્યું. પછી કહે ડોસા ''આ સારા ઉગશેને ?'' ત્યારે ડોસાભાઈ એ શું કહ્યું ?


પ્ર. ૭ ''આપુ પાન બીડી જમો ભક્તપતિ આપુ પાન બીડી....'' - આ મુખવાસના પદની રચના કોણે કરી છે ?


## મે-૨૦૧૭ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ


**(૧)** ભગવાન તપ કરે છે તે તો પોતાના ભક્તોના અર્થે કરે છે પણ અભક્તને અર્થે નથી કરતા. **(૨)** (૧) અમૃત નાખીને સમુદ્રને મીઠો કરવો. (૨) ચંદ્રનું કલંક ટાળવું જેથી કાયમઅજવાળું રહે. (૩) શેષને માથે પૃથ્વીનો ભાર દૂર કરવો. (૪) જમપુરી બંધ કરવી. (૫) બલીને પાતાળમાંથી મુક્ત કરી દેવલોકનો રાજા કરવો. **(૩)** ''આ હનુમાનજી તમારા ગામની રક્ષા કરશે.'' **(૪)** ''જ્યાં રામક્યાં વંચાય ત્યાં પ્રથમગાદી મારી પડે, સર્વ ઠેકાણે અનેક રૂપે કથા સાંભળું. આ લોકમાં રામકથા જ્યાં સુધી રહે ત્યાં સુધી હું પણ રહું.'' **(૫)** મિથ્યા અપવાદ. **(૬)** દૃઢ આસન સાધકે ધ્યાન ધરે, કરે ગાન હરિજી કે ગીતકુંજી, બ્રહ્માનંદ કહે ઐસે સંતમીલે, પ્રભુ સાથ બઢાવત પ્રીતકુંજી. **(૭)** સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી.

૧ ભક્તિભાઈ ભોળાભાઈ પટેલ (ઝુલાસણ)
૨ ગંગાબેન ભક્તિભાઈ પટેલ (ઝુલાસણ)
૩ જ્યોત્સનાબેન રાજુભાઈ પટેલ (આનંદપુરા
૪ પ્રભાતસિંહ કેશરજી ડાભી (ડાંગરવા)
૫ સાં.યો. કોકિલાબા, ઉષાબા (સુરેન્દ્રનગર)
૬ પલ્લવીબેન આર. સોની (સુરેન્દ્રનગર)
૭ કંચનબેન બાબુભાઈ અડાલજા (રતનપર)
૮ શોભના કે. ઝોલાપરા (રતનપર)
૯ શારદાબેન રતિલાલ પટેલ (મોટેરા-સાબરમતી)
૧૦ આયુષી ભરતકુમાર પટેલ (સાબરમતી)
૧૧ કોકીલાબેન બાબુભાઈ પટેલ (સાબરમતી)
૧૨ વલ્લભભાઈ શીવાભાઈ પટેલ (સોજા)
૧૩ ડૉ. અરૂણભાઈ ડી. પટેલ (રાણીપ)
૧૪ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ પટેલ (રાજપુરવાળા)
૧૫ ચંદુભાઈ પુરષોત્તમદાસ ભાવસાર (નવાવાડજ)
૧૬ ચંદ્રપ્રકાશ ચુનીલાલ પટેલ (રાણીપ)
૧૭ મફાજી સરદારજી ડાભી (ડાંગરવા)
૧૮ શારદાબેન રાવજીભાઈ પટેલ (સાબરમતી)
૧૯ શારદાબેન હિરાભાઈ પટેલ (સાબરમતી)
૨૦ લલીતાબેન રમણલાલ પટેલ (સાબરમતી)
૨૧ મંજુલાબેન નટવરભાઈ પટેલ (ડાંગરવા)
૨૨ વિષ્ણુભાઈ જીવાભાઈ પટેલ (સીતાપુર)
૨૩ વિઠ્ઠલભાઈ મગનદાસ પટેલ (ડાંગરવા)
૨૪ શારદાબેન વિઠ્ઠલદાસ પટેલ (ડાંગરવા)
૨૫ લલીતાબેન જયંતિલાલ પટેલ (સાબરમતી)
૨૬ સાં.યો. બહેનો (વાવોલ)
૨૭ મ.શા.સ્વા. પ્રેમપ્રકાશદાસજી (હિંમતનગર)
૨૮ ઉષાબેન એમ. પટેલ, શારદાબેન એચ. પટેલ (વાવોલ)
૨૯ મગનભાઈ મોહનભાઈ પટેલ (હિંમતનગર)
૩૦ સંગીતાબેન કલ્પેશભાઈ દરજી (કાલુપુર)
૩૧ અમિતાબેન જીજ્ઞેશભાઈ પટેલ (અંબાપુર)
૩૨ શારદાબેન રાવજીભાઈ પટેલ (અંબાપુર)
૩૩ સંગીતાબેન મનોજકુમાર પટેલ (અંબાપુર)
૩૪ સંગીતા અરૂણભાઈ પટેલ (અંબાપુર)
૩૫ ઈલા પ્રવિણભાઈ પટેલ (અંબાપુર)
૩૬ મીનાબેન કમલેશભાઈ પટેલ (કુહા)
૩૭ અરવિંદાબેન એન. ભાવસાર (ચાંદલોડિયા)
૩૮ સાં.યો. ભારતીબા તથા મંજુબા (કાલુપુર-હવેલી)
૩૯ સંગીતાબેન કે. દરજી
૪૦ સાં.યો. કંચનબા, ભગવતીબા (ધ્રાંગધ્રા)
૪૧ વિણાબેન આર. ભાવસાર (નવરંગપુરા)
૪૨ અંજનાબેન મનુભાઈ પટેલ (નાંદોલ)
૪૩ લાલભાઈ એમ. પટેલ (ગાંધીનગર)
૪૪ વસંતીબેન જયંતિલાલ પટેલ (ઉંઝા)
૪૫ પારૂલબેન યોગેશભાઈ ઠક્કર
૪૬ દક્ષાબેન ઘનશ્યામભાઈ સોની (સી.જી. રોડ)
૪૭ ઈલાબેન નરેન્દ્રકુમાર સોની (ઘાટલોડીયા)
૪૮ રીટાબેન જયેશભાઈ ઠક્કર (વસ્ત્રાપુર)
૪૯ ભાવસાર સુમિત્રાબેન એન. (વિસનગર)
૫૦ પટેલ નટવરભાઈ કાંતિભાઈ (મારૂસણા)
૫૧ પટેલ સવિતાબેન જીવણલાલ (મારૂસણા)
૫૨ પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઉંઝા)
૫૩ ગાબાણી હસમુખભાઈ સવજીભાઈ (તુરખા)
૫૪ ગાબાણી વંદન હસમુખભાઈ (તુરખા)
૫૫ ખંધેડીયા ભાવનાબેન કમલેશકુમાર (મોરબી)
૫૬ સાંખ્યયોગીબાઈઓ (જુનું મંદિર મોરબી)
૫૭ ભાવસાર મહેન્દ્રભાઈ સોમાભાઈ (માણસા)


श्री घनश्याम
महोत्सव




શ્રી ઘનશ્યામ
મહોત્સવ
તા ૩૧-૦૫ થી ૦૪-૦૬-૨૦૧૬



















श्री घनश्याम महोत्सव





# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) એકાદશી સત્સંગ સભા પ્રસંગે કાલુપુર મંદિર-હવેલી) "કોઈ પણ વ્યક્તિ દિવ્યતા પ્રાપ્ત કરી શકે છે"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

આજે એક બહેન સ્વામિનારાયણ બાગ અમારા નિવાસ સ્થાને મળવા માટે આવ્યા હતા. તેમણે મને પૂછ્યું કે તમે ભગવાનના 'વંશજ' છો તો તમે ભગવાનથી આટલા નજીક છો તો તમને કેટલી દિવ્યતાનો 'અનુભવ' થતો હશે ? આપણને કોઈ આવું પૂછે તો તે સાંભળીને તેના વિષે વિચારીને આપણને તાકાત મળે છે. એના માટે અંદરથી જે 'લાગણી' ઉદ્‌ભવે છે તે ખૂબ સરસ હોય છે. પરંતુ એ જે ભાવના છે તે જ 'ભાવના' જો અહંકારની તરફ લઈ જાય તો બધુ નકામું થઈ જાય છે. તો આપણે ભગવાનની નજીક છીએ તો વિચારવાનું છે કે 'ભગવાને શા માટે આપણને આ જગ્યા પર મુક્યા છે ?' તેનું કારણ શું છે ? નહિ તો આવડત હોય છે તે પણ જતી રહે છે. આપણને જે માન-સન્માન મળે છે તેનો દૂરપયોગ કરીએ અને થોડો પણ 'અહમ્' આવી જશે તો કાંઈ થશે જ નહિ. એક સેંકડમાં બધુ પુરૂ થઈ જાય છે. તો કહેવાનો અર્થ છે કે ભગવાને જે આજ્ઞા કરી છે તે પ્રમાણે જીવન જીવે તો 'કોઈ પણ વ્યક્તિ 'દિવ્યતા' પ્રાપ્ત કરી શકે છે.' એટલે કે આપણને જે મળ્યું છે તેનો યોગ્ય ઉપયોગ કરવાનો છે. તો આગળ વધવા માટે દરરોજ તપાસવું પડે કે આપણે કલ્યાણના માર્ગ પર કેટલા આગળ વધ્યા છીએ. તે પોતાની જાતને પૂછવું પડે. આપણે આપણી જાતને પૂછીએ અને આપણને ખબર હોય છે કે આપણે ક્યાં છીએ ? છતાં પણ ખોટો જવાબ મળે છે. મન માનવા તૈયાર જ નથી. બધું મુશ્કેલ છે. કોઈએ ચોરી કરી હોય તો પણ પોતે ચોર નથી તે સાબિત કરવા માટે કેટલા બધા બહાના તૈયાર કરે છે. આપણે ખાલી બેઠા હોય અને મનમાં વિચાર ચાલતા હોય તો કોઈ પણ 'કપટ'ને ઢાંકવા માટે મન કેટલા બધા બહાના તૈયાર કરે છે. તો આપણને જે વિચાર આવે છે. અને ખોટા બહાના તૈયાર કરી આપે છે. તે આપણી 'વિપરીત બુદ્ધિ' છે તેને ઓળખવાની છે અને તેની સલાહને સ્વીકારવાની નથી. તો તે બધુ આપણી જાતને પૂછીને જાણવું પડશે. જાણીશું ત્યારે જ ઈલાજ થશે ને ? સામાન્ય વ્યક્તિને તો આવી ખબર જ પડતી નથી. પરંતુ આવા 'સત્સંગ'ના માધ્યમથી આ બધી આપણી અંદરની 'પોલો' પકડાય છે. જ્યારે આપણું મન 'સાત્વિક' વિચારોમાં હોય ત્યારે ખ્યાલ આવી જાય છે કે આપણી અંદર કેટલું 'કપટ' છે ?' તે કઈ રીતે જાણવાનું, તો જાતને પૂછવાનું, તો કેવી રીતે પૂછવાનું ? તો એ જ વિચારવાનું કે જો આપણા મનમાં 'ઈર્ષા', 'દ્વેષ', 'ક્રોધ', 'કપટ', ''નિંદા'' આ બધું ચાલતુ હોય તો સમજી જવાનું કે આપણે ખોટા રસ્તે છીએ અને દયાની ભાવના થતી હોય કે કોઈનું સારુ કરવાના ભાવ થતા હોય તો સમજી જવાનું કે આપણે સાચા રસ્તે છીએ. આ રીતે વિચારી આપણી જાતનો યોગ્ય ઉપયોગ કરીને કલ્યાણના માર્ગ પર આગળ વધી શકાય છે. કોઈકે કાંઈક ખોટું કર્યું હોય અને આપણે જાણી ગયા હોઈએ અને પૂછીએ કે બહેન તમે આવું કેમ કર્યુ ? તો ૯૯% લોકોને જોયું છે કે રડવાનું ચાલુ થઈ જાય છે. એ સાબિત કરવા માટે કે હું આવી નથી. તો કોઈપણ વ્યક્તિને એક અસત્યને ઢાંકવા માટે કેટલું બધું ખોટું બોલવું પડે છે. તો વિચારવાનું કે કેમ ખોટું બોલવું પડે છે ? તો આપણી અંદર એવું છે કે મને કોઈ કહી કેમ જાય કે મેં આવું કેમ કર્યું ? હું જે કાંઈ કરું છું તે બધું બરાબર છે. તે રોગ છે. તેને કાઢવા માટે કાંઈક તો કરવું જ પડે. જન્મોજન્મથી આ 'આવરણ' રૂપી ગાંઠ પડી ગઈ છે. તે સહેલાઈથી સાફ થતી નથી.આપણે કોઈપણ વસ્તુને સાફ કરીને મૂકી હોય તો પણ કાટ ચડી જાય છે. ધૂળ ચડી જાય છે. તો અંતર મનને પણ રોજ તપાસીને સાફ કરવું પડે છે. જેમ સ્નાન રોજ કરવું પડે છે. કપડા રોજ ધોવા પડે છે. તેમ અંતર મનને પણ દરરોજ તપાસવું પડશે. તો સહેલાઈથી સાફ થઈ જશે. નહિ તો એટલો કાટ ચડી જશે કે સાફ થશે જ નહિ. અશક્ય થઈ જશે. માટે જેટલા દોષો છે તેને સાફ

કરવાના છે. રોજ જોતા રહેવાનું. એક જ દિવસમાં મોક્ષની પ્રાપ્તિ થતી નથી. અંદર ભરેલી ગંદકી પણ જુદા જુદા પ્રકારની હોય છે. શું ભર્યું છે ? કેવી રીતે સાફ કરવાનું છે ? તે બધુ વિચારવાનું છે. તો જેવી રીતે જે ભરાયું છે તે સમજીને જુદા જુદા અવગુણોની જુદી જુદી રીતે સફાઈ કરવાની છે. આપણે જ વિચારવું પડશે કે કેટલી માત્રામાં શું ભરાયું છે ? દૂર કરવાની રીતિ શું છે ?

જેમ મથુરાના ચોબા હતા. ભાંગ પીધી હતી. નક્કી કર્યું હતું કે પ્રયાગ જવું છે. નાવને આખી રાત હલેસા માર્યા પરંતુ સવારે ભાંગનો નશો ઉતર્યો ત્યારે જોયું તો નાવ બાંધેલી હતી. એ જ દશા આપણી છે. ભજન ભક્તિ સત્સંગ બહુ કરીએ છીએ પણ મનને બાંધેલ છે. મનથી જગતને શરણાગત થઈ ગયા છીએ માટે પહોંચાતું નથી. તો મુખ્ય અવરોધ છે તે આપણું મન છે. તો ગમે ત્યારે બેસી જવાનું અને અંદર તપાસ કરવાની. રોજના નક્કી કરેલા સમયે બેસીશું તો એ પણ બહાના તૈયાર રાખશે. તો ગમે ત્યારે બે મિનિટ પાંચ મિનિટ જે સમય મળે તે સમયે બેસીને વિચારવાનું કે અત્યારે આપણી અંદર શું ચાલી રહ્યું છે ? નહિ તો આપણે રોજ સવારે સમયસર પૂજા કરવા બેસીએ છીએ તો મનને ખબર જ હોય છે કે અત્યારે પૂજા કરવાની છે. તો થોડા સમય માટે પાંચ-દસ મિનિટ માટે થોડું શાંત થઈ જાય છે. તો મોક્ષે જવું હોય તો પોતાની જાતનું ૨૪ કલાક ધ્યાન રાખવાનું છે. નહિતર એ પણ બહાના તૈયાર રાખશે. જેમ સ્કુલમાં પ્રિન્સીપાલ હોય છે તે દરરોજ જુદા જુદા સમયે રાઉન્ડમાં નીકળે છે. જો રોજ એક જ સમયે નીકળે તો એ સમયે બધા વિદ્યાર્થી ડાહ્યા થઈને બેસી જાય છે. તોફાન મસ્તી બધું બંધ થઈ જાય છે. તો આપણે પણ આપણી જાતને ગમે ત્યારે તપાસવાની છે. આપણે આપણી જાતને પ્રિન્સીપાલ બનવાનું છે. જ્યારે પણ ખોટા વિચાર આવે ત્યારે સાવધાન થઈ જવાનું છે. અને અંતઃકરણ (મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર) ઈન્દ્રિયો બધાને સમજાવવાનું છે કે આ વસ્તુ આપણા અંદર ખોટી છે. તો ધીમે ધીમે ખરાબ ટેવો છે તે નીકળી જશે. આપણે એમ માની લઈએ છીએ કે આપણને પરેશાન કરવા વાળા લોકો બહાર છે. પણ ના એ વસ્તુ ખોટી છે. બહાર કરતા પણ આપણી અંદર રહેલા આસુરી તત્વો આપણને વધારે હેરાન કરે છે. તેને ઓળખવાના છે.

આપણા બહુ મોટા ભાગ્ય છે કે કાંક તો આપણા સત્કર્મો હશે કે જેના પરિણામ સ્વરૂપે આ ધરતી પર બેઠા છીએ. આ જગતમાં ઘણા લોકો એવા છે કે જેમને ખબર જ નથી કે 'નરનારાયણદેવ' એટલે શું ? તો બીજી કોઈ વસ્તુનો 'અહમ્' નહિ રાખવાનો. પરંતુ 'શ્રી નરનારાયણદેવ' મળ્યા છે તેનો કેફ કાયમ રાખવાનો, તો જ્યાં સાક્ષાત્ 'શ્રી નરનારાયણદેવ' બિરાજે છે તે પૃથ્વી પર બેસીને ભજન કરવા મળે છે તેવું અહોપણું અંતરમાં રાખવાનું છે. અને આપણને જે મળ્યુ છે તે ટકાવી રાખવાનું છે. અને ખૂબ આગળ વધવાનું છે.

●

## ગોપાળાનંદ સ્વામીના ઐશ્વર્યો

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

મહાન સંતોની જન્મભૂમિ એ તીર્થ બની જાય છે. આપણા સંતોમાં ગોપાળાનંદ સ્વામીની જન્મ ભૂમિ ટોરડા (સાબરકાંઠા)નું નામ તરત જ સ્મરણમાં આવે. ભક્ત ચિંતામણીમાં નિષ્કુળાનંદ સ્વામીએ ૧૪૨ પ્રકરણમાં ગોપાળાનંદ સ્વામીના ઐશ્વર્યો રસપૂર્વક યાદ કર્યા છે. **"અનુપ ઈડર દેશમાં ધન્ય ધન્ય ટોડલા ગામ ધન્ય ધન્ય દ્વિજની જાતને જ્યાં ઉપન્યા ભક્ત અકામ. યોગી પૂર્વ જન્મના જેને વાલા સંગાથે વાલ પ્રભુ સંગાથે પ્રકટ્યા, ખરા ભક્ત નામ ખુશાલ."**

ગોપાળાનંદ સ્વામીનું પૂર્વ જન્મનું નામ ખુશાલ ભટ્ટ હતું. એ ગર્ભ યોગી એટલે કે પૂર્વના યોગી હતા. બચપણથી જ એમનો પ્રભાવ, પ્રતાપ ત્યાંના સ્થાનિક માણસોને અનુભવવા મળતો. એ નાના હતા ત્યારથી જગતના બાળકો જેવી રમતિયાળ પ્રકૃતિ એમનામાં નહોતી. ભગવાન પ્રત્યેજ પ્રીતિ હતી.

**"એવા ભક્ત તે ખરા ખુશાલ,**
**જેને ન ગમી સંસારી ચાલ,**
**બાળપણમાં રચ્યા ભજને,**
**બીજું કાંઈ ગમ્યું નહિ મને."**

નાનપણથી ભજન, ભક્તિ ગમતા. એક સમયે ચોમાસામાં વરસાદ ન આવ્યો. ખેડૂતો બધા ચિંતામાં પડ્યા. અચાનક એમને ખુશાલ ભટ્ટનો પ્રતાપ યાદ આવ્યો. એટલે ભેળા થઈને તેઓ ભટ્ટજી પાસે પહોંચ્યા. અને આજીજી કરી. ખુશાલ ભટ્ટ કાંઈક દયા કરો. નહીતર

અમે બધા દુ:ખી થઈ જઈશું. ભટ્ટજીએ બધાને ભજન કરવાનું કહ્યું અને થોડીજ વારમાં વરસાદ તૂટી પડ્યો. ખેડૂતો ખુશ ખુશ થઈ ગયા.

ખુશાલ ભટ્ટ ગામમાં નિશાળ ચલાવતા. અને બાળકોને વિદ્યા ભણાવતા. વિદ્યાર્થી બાળકોને ભટ્ટજી ઘણાં ઐશ્વર્ય બતાવતા. એકવાર એવું બન્યું કે ગામમાં એક ભૂદેવના ઘરમાં ભરેલું ઘાસ એકાએક સળગ્યું આગે બાજુના ભૂદેવના ઘરને પણ લપેટમાં લીધું. ઘરના બધા માણસો દોડીને બહાર નીકળ્યા. પરંતુ ભૂદેવનો એક ૧૫ વર્ષનો બાળક આગમાં ઘેરાઈ ગયો. બહાર નીકળી શક્યો નહિ. અને બૂમ બરાડા પાડવા માંડ્યો. થોડીવાર પછી બૂમો બંધ થઈ ગઈ. એટલે મા-બાપને થયું કે બસ છોકરો આગમાં શેકાઈ ગયો. એમ માનીને મા-બાપ પોક મૂકીને રડવા લાગ્યા. પરંતુ આશ્ચર્ય ! છોકરો નિશાળમાંથી દોડતો ઘેર આવ્યો. અને કહ્યું પિતાજી ! મને આગમાંથી બહાર નીકળવાનો માર્ગ જડ્યો નહિ એટલે ગભરાઈને બૂમો પાડી. ખુશાલભાઈએ આ બૂમો નિશાળમાં સાંભળી અને પોતાની દૈવી શક્તિથી મને બળતા ઘરમાંથી ઊંચકી લઈ નિશાળમાં મૂકી દીધો. એટલે હું જરાયે દાઝ્યો નથી. ખુશાલ ભટ્ટના આ ચમત્કારની ગામમાં વાતો થવા લાગી.

ખુશાલ ભટ્ટનું જીવન એટલું મધુર હતું કે પ્રત્યેક બાળકને એમની સાથે મિત્રતા કરવાનું મન થાય એ સ્વાભાવિક છે. અરે, ભગવાનને પણ ખુશાલ ભટ્ટ જેવા ભક્ત સાથે મિત્રતા બાંધીને રમવાનું મન થયું. ટોડલાની બાજુમાં પ્રસિદ્ધ તીર્થધામ શામળાજી છે. એક દિવસની વાત છે. શામળાજી મંદિરના પૂજારીએ રાત્રીનો પૂજાવિધિ પૂર્ણ કર્યો. મંદિરના દ્વાર બંધ થયા. ચોકીદારો નિયમ પ્રમાણે મંદિરની આજુ બાજુ ગોઠવાઈ ગયા. શામળાજી ભગવાન નિયમ પ્રમાણે ખુશાલ ભટ્ટની સાથે રમવા ઉપડ્યા. રમત જોરદાર જામી. સવાર પડી. શામળાજીના દ્વાર ઉઘડ્યા. પૂજારીજી સેવા પૂજા માટે મંદિરમાં પ્રવેશ્યા. એટલે શામળાજી ઉતાવળમાં એવા દોડ્યા કે એમના ચરણનું એક ઝાંઝર ભટ્ટજીની ઘરની નવેરીમાં પડી રહ્યું. પૂજારીએ ચરણમાં સોનાનું એક ઝાંઝર ગુમ થયેલું જોયું. આવો બનાવ બને તો શંકા હમેશા પૂજારી ઉપર જ જાય. પૂજારી કહે, છેલ્લે શયન વિધિ પછી દ્વાર મેં જ બંધ કરેલા, સવારે મેં ખોલ્યા, રાત્રે તો બંને પગમાં ઝાંઝર હતા. તો સવારે કેમ નહિ ! તો પછી તમે ગુનેગાર છો. પૂજારી કહે હું નિર્દોષ છું. કશું જાણતો નથી. બધાને એમ કે પૂજારી એ જ ઝાંઝર સંતાડ્યું હશે.

પણ ઠાકોરજી પૂજારીનો ભક્તિ ભાવ જાણતા હતા. ભગવાને જણાવ્યું કે ઝાંઝર તો ખુશાલ ભટ્ટને ઘેર છે. રાત્રે ત્યાં રમવા ગયેલા ત્યારે રહી ગયું છે. બે ચાર માણસો સાથે ચોકીદારો તથા મંદિરના અધિકારીઓ ઘોડા દોડાવતા ટોડલા આવ્યા. ભટ્ટજીએ ઝાંઝર સોંપ્યું અને કહ્યું, લો ઉતાવળમાં રહી ગયું છે. સૌને નવાઈ લાગી કે આ બાળક કેવા છે કે એમની સાથે પ્રભુને રમવાની ઈચ્છા થાય છે. ઈચ્છા તો આપણનેય થાય કે પ્રભુ આપણી સાથે રમે ! પરંતુ એકવાર મનોવૃત્તિ ભગવદમય બની જાય. સંસાર વ્યવહાર બધું ભૂલાય જાય. કેવળ ભગવાન યાદ આવે એવી સ્થિતિએ પહોંચેલા ભક્તો સાથે ભગવાન રમે છે. અને એમની ઈચ્છાઓ પૂરી કરે છે. આવા અક્ષરમુક્તો શ્રીહરિની સાથે આ ધરતી પર પધાર્યા હતા.

એક દિવસ બ્રાહ્મણ વેશે શ્રીહરિ ટોડલા પધાર્યા. અને કહ્યું, ભટ્ટજી ! ચાલો તમને બોલાવવા આવ્યા છીએ. ભટ્ટજીએ સૌને વંદન કરીને રજા માગી. ટોડલાથી ચાલ્યા. માર્ગમાં આવતા એક એક સ્થાનો ઉલ્લંઘતા જેતલપુર આવ્યા. જેતલપુરમાં મોટો ઉત્સવ ચાલતો હતો. ત્યાં મહારાજે બ્રાહ્મણ સ્વરૂપ અદ્રશ્ય કરી દીધું. ખુશાલ ભટ્ટે સભામાં આવી સ્વામિનારાયણ ભગવાનને દંડવત કર્યા. પ્રભુ બોલ્યા, ભટ્ટજી ! કેમ આવ્યા છો ? મહારાજ ! ભણવા આવ્યો છુ. શ્રીહરિ કહે ભણો ને ભણાવો.. ત્યારે બ્રાહ્મણ કહે છે મહારાજ, હું તો આવ્યો છું ભણવા કાજ'' અને મહારાજે સત્સંગની સેવા માટે ભટ્ટજીને રોકી લીધા. એક દિવસ શ્રીજી મહારાજે આજ્ઞા કરી ભટ્ટજી ! તમે વડોદરામાં સત્સંગ કરાવો. સંત દીક્ષા આપ્યા પહેલા મહારાજે ભટ્ટજીને વડોદરા મોકલ્યા હતા. વડોદરામાં સદા શિવ બ્રાહ્મણને ઘેર ઉતારો હતો. સદાશિવે કહ્યું, ભટ્ટજી ! તમારે દરરોજ મારે ઘેર જ જમવાનું. બીજે ક્યાંય ભિક્ષાવૃત્તિ કરવાની જરૂર નથી. સ્વામિનારાયણ ભગવાન દરરોજ અદ્રશ્ય સ્વરૂપે ભટ્ટજીની સાથે જમતા. કોઈને પ્રભુનું સ્વરૂપ દેખાય નહિ પણ સદાશિવ એમના પત્ની વગેરે બાજુમાં ઉભા હોય તો થાળીમાંથી ભોજન ઓછું થતું જાય એ નજરો નજર જોઈ શકાતું. આવું તો

એકાદ બે દિવસ નહિ. પરંતુ....... **"એક માસ લગી અહોનિશ જમ્યા હરિ ખુશાલ હમેંશ."**

નિષ્કુળાનંદ સ્વામી લખે છે કે એક મહિના સુધી ભગવાન ભટ્ટજીની સાથે જમ્યા. દરરોજ બે થાળીઓ પીરસાતી. એક થાળી ભટ્ટજી આગળ અને બીજી થાળી ઠાકોરજી પાસે મૂકાય. ઠાકોરજીની થાળીમાંથી નૈવેદ્ય ઓછું થતું જાય એ બધા જોઈ શકતા હતા. આવું ઐશ્વર્ય એક મહિના સુધી દેખાયું. કેટલાક પંડિતો અને વિદ્વાનો ગોપાળાનંદ સ્વામી પાસે આવતા અને સ્વામિનારાયણ ભગવાનની વાતો સાંભળીને સત્સંગી થતા.

થોડા સમય પછી સ્વામિનારાયણ ભગવાને ખુશાલ ભટ્ટને દીક્ષા આપી અને ગોપાળાનંદ સ્વામી નામ આપ્યું. સ્વામીના પ્રતાપની અગણિત વાતો સંપ્રદાયમાં લખાયેલી છે. એક ભોળિયા બ્રાહ્મણની કોટી પ્રતિજ્ઞાના કારણે સ્વામીએ દયાભાવથી એવો પ્રતાપ બતાવ્યો કે વડોદરા શહેરમાં ચંદ્રગ્રહણ દેખાયું જ નહિ અને પંડિતોના હાથ હેઠા પડ્યાં. એક ઝાટકે માણસાના નરસિંહભાઈની વાસના દૂર કરી. વડોદરામાં જન્માષ્ટમી પ્રસંગે પારણામાં ઠાકોરજી પધરાવવાના ભૂલાઈ ગયેલા ત્યારે સ્વામી કહે આપણે ઠાકોરજીની મૂર્તિ ભૂલી ગયા પણ ઠાકોરજી આપણને નહિ ભૂલ્યા હોય. અને રાત્રે બાર વાગે પારણીયામાં સ્વામિનારાયણ ભગવાનના બાલસ્વરૂપે સૌને દર્શન થયા.

**"તિયાં સત્સંગી કુસંગી હતાં સૌએ પ્રકટ દીઠા ઝુલતા."** સ્વામીના આવા તો અનેક ઐશ્વર્યો છે. સુંદરીયાણાના હેમરાજ શાને સ્વામિનારાયણ ભગવાનનો નિશ્ચય કરાવવા માટે સ્વામીએ પોતાની નાડી પ્રાણ બંધ કરી દીધા. હૃદયના ધબકારા બંધ છતાંય સ્વામી સ્વસ્થતાથી તેમની સાથે વાતો કરી રહ્યા છે. નિષ્ણાંત વૈદો અને દાકતરો માટે આ વસ્તુની કલ્પના પણ ન હોઈ શકે. તરત જ હેમરાજશાનું મસ્તક સ્વામીના ચરણમાં નમી પડ્યું. અને વર્તમાન ધરાવીને સત્સંગી ભક્ત બન્યા.

સ્વામીના ચમત્કારો બહુજન સમાજના હિત માટે હતા. વરસાદ વરસાવવો, મહારોગો મટાડવા, મૂંગા ગૌરી શંકરને પંડિત બનાવવો. વાઘના પંજામાંથી અને આગની લપેટમાંથી લોકોનો બચાવ કરવો. વિગેરે અગણિત પરચાઓ છે. ત્યાં આવેલી બુઢેલી નદીમાં હજુ સુધી પાણી ખૂટતું નથી. એ તો જીવતો જાગતો ચમત્કાર છે. એવોજ એક અદ્‌ભૂત ચમત્કાર આજ સુધી હાજરા હજુર જોઈ શકાય છે.

અષાઢી પૂનમની રાત્રે ગામના માણસો તથા સોનીઓ ટોરડા મંદિરમાં એકઠા થાય છે. તમામ જાતના અનાજ, રસકસ, તેલિબિંયા, લાલ માટી (માણસ માટે)ને કાળીમાટી (પશુ માટે) વગેરે વસ્તુઓ અડધો અડધો તોલો સોનીઓના કાંટે તોલવામાં આવે છે. પછી તે વસ્તુઓ ઠાકોરજીના વાઘામાં નવ પોટલીઓ બાંધી માટીના ઘડામાં મૂકવામાં આવે છે. ઘડો ઢાંકીને તેના ઉપર તોલકાંટો તથા ભાર મૂકાય છે. આખા ઘડાનું મોઢું રાધાજીની સાડીથી બાંધીને ઘડો રાત્રે ગોપાળ લાલજીના સિંહાસનમાં પધરાવવામાં આવે છે. બીજા દિવસે અષાઢ વદ-૧ના સવારે ગામના ભાવિક ભક્તો, સોનીઓ મંદિરમાં બેસીને ધૂન-ભજન કરે છે. પછી ઘુમ્મટ નીચે ઘડાનું મોઢું છોડીને જે વસ્તુ વધારે પાકવાની હોય તેનું વજન તોલમાં વધારો હોય છે. અને જે વસ્તુ ઘટવાની હોય તે તોલમાં ઓછી થાય છે. જે વસ્તુની વજનમાં વધઘટ ન થાય તે સ્થિર રહે છે. આ પ્રમાણે પ્રત્યેક વર્ષે અષાઢ તોલ થાય છે. વેપારી અને ખેડૂત વર્ગ આ પરિણામોના આધારે ખેતી અને વેપાર કરે છે. ગર્ભયોગી ગોપાળાનંદ સ્વામીની જન્મભૂમિમાં ટોડલામાં આજેય આ પ્રકટ પરચો થાય છે. ગોપાળાનંદ સ્વામીના પ્રતાપ, પ્રભાવ, ઐશ્વર્ય, શાંતિ હજુય અકબંધ છે. અંતરના પડદા ખોલનારૂં મનના સંકલ્પોને પાર પાડનારૂ ચિત્તની ચંચળતાની ચાવી, જગતના લોકોની સાંસારિક મનોકામના આપનારૂં, અને એકાંતિકોને શાંતિ આપનારૂં આ તીર્થ સંપ્રદાયના ઈતિહાસની જન્મભૂમિઓમાં છપૈયા પછી તીર્થમાં ગૌરવમાં બીજા નંબરે ટોરડા છે. ટોરડા ગોપાલ લાલજીનું આ સ્થાન બરાબર સમજે તો લોકો શામળાજી પછી જાય પ્રથમ ટોરડા જ જાય છે. કારણ કે શામળાજી પોતે પણ વારંવાર ટોરડા જતા હતા.

સુરતના કોઈ પારસી ગૃહસ્થને એકજ પુત્ર વૃદ્ધાશ્રમમાં થયો હતો. તે જન્મથીજ મુંગો હતો તેને લઈને ગોપાળાનંદ સ્વામી પાસે વડોદરા લઈ ગયા. ને ત્યાં સ્વામીએ ભગવાનને પૂજામાં ધરાવેલું કેળુ હતું.

તેમાંથી અડધુ કેળું મુંગાને આપ્યું તે પ્રસાદી જમતા જ બોલવા લાગ્યો. ને બાળક જીવ્યો ત્યાં સુધી બોલતો રહ્યો. આવી રીતે શ્રી ગોપાળાનંદ સ્વામીના ઐશ્વર્યને પરચા અનંત છે. લખતાં પણ પાર આવે તેમ નથી. આટલા ઐશ્વર્યો ને પરચા હતા છતાંય સ્વામી સ્વમુખેથી એમજ કહેતા કે ભગવાન તો સ્વામિનારાયણ છે ને હું તો તેમનો સાધુ છું. આવો ભગવાન પ્રત્યે તેમનો દાસત્વ પણાનો ભાવ હતો.

●

### સેવાનો મર્મ

- કંચનબેન રણછોડભાઈ પટેલ (નારણપુરા)

સેવાનાં મર્મની એક સુંદર કથા છે. શ્રીજી મહારાજે સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીને કહ્યું, ''તમે, ધોલેરા જાવ અને સુંદર મંદિર બનાવો.'' સ્વામી ઘણાં વરસ સુધી ધોલેરામાં રહ્યા હતા. પોતે સુથાર હતા તેથી કસબી કામ જાતે કરતા. ધોલેરામાં મંદિરનું કામ ભારે વેગથી ચાલી રહ્યું છે. શ્રધ્ધાળું સંતો, પાર્ષદો અને ભાવિક હરિભક્તો અંતરના અનેરા ઉત્સાહથી તગારા ભરી ભરીને ઈંટો ઈંટવાડેથી લાવી આપે છે. કડિયાને તગારા ભરીને ગારો આપે છે. દરેકના કપડાં ગારાવાળાં થઈ ગયા છે. આવી ઉત્તમ સેવા ચાલી રહી છે ત્યાં ઉજળાં વસ્ત્રોવાળાં હરિભક્તો દર્શન કરવા આવ્યા મહારાજને પગે લાગીને બોલ્યા કે હે મહાપ્રભુ, આપ આ ત્યાગી સંતો પાસે ગારો અને ઈંટ ઉપડાવો છો. એ અમને જરાય વ્યાજબી લાગતું નથી. અન અમને જરાય ગમતું પણ નથી.

અમે સંતોને ભાવથી જમાડીએ, ચંદન ચર્ચી પૂજન કરીએ અને વંદન કરીએ એવા સંતો સાધારણ મજૂરની જેમ માથા ઉપર ગારાનાં તગારા ઉપાડે એ જોઈ અમને શરમ આવે છે અને દુઃખ લાગે છે. મંદિરના કામ માટે મજૂર રાખી લ્યો. પૈસા ન હોય તો અમો ચૂકવી આપીશું. પણ આ સંતો, હરિભક્તો પાસે પ્રભુ આપ આવું કામ ન કરાવો.

મંદ મંદ હસતા પ્રભુ બોલ્યા, તમે આ મંદિરની સેવાને સામાન્ય મજૂરી કામ માનો છો. અમે મંદિરની સેવાને ઉત્તમ ભક્તિ માનીએ છીએ. આ તો ભગવાનનું મંદિર છે. પૂર્વના પુણ્ય હોય એને જ આવી નિઃસ્વાર્થ ભરી સેવા મળે છે. હે ભક્તજનો સાંભળો, આવી સેવાની તક ભવ બ્રહ્માદિકને પણ જલ્દી મળતી નથી. તમે ઉજળાં કપડાવાળા સેવાનો મર્મ ક્યાંથી સમજી શકો. હું ધારું તો આકાશમાંથી સોનાનું આખું મંદિર તૈયાર ઉતારું. હું ધારું તો ધનના ઢગલા કરી શકું. એમ કરું તો મુમુક્ષુ ભક્તને સેવા ભક્તિ કરવાનો લ્હાવો ક્યાંથી મળે. એમનામાં નિર્માની ભાવ ક્યાંથી આવે ? પરમાર્થ માટે શરીર ધસાય નહી તો અંતર ઉજળાં ક્યાંથી બને અને અમારો રાજીપો પણ ક્યાંથી મળે. આવો મહિમા સાંભળીને ભક્તોને સેવાના મર્મનું રહસ્ય સમજાઈ ગયું. તરત ઉજળાં કપડાંવાળા પણ ગારાના તગારા અને ઈંટો ઉપાડવા લાગ્યા. અંતરના આનંદથી ખૂબ સેવા કરી.

નાની સેવા કે મોટી સેવા દરેક સેવામાં ઉત્સાહ અને શ્રદ્ધા રાખે તો તે નિષ્કામ સેવા ભગવાન સુધી પહોંચી જાય છે. ને એવી સેવાથી ભગવાન બહુ બહુ રાજી થાય છે.

દિલ રેડીને સેવા કરે તો સેવાની સુવાસ મહેંકી ઉઠી છે. મુક્તિનો માર્ગ ખુલ્લો થાય છે. જીવનમાં નમ્રતા આવે છે. કરુણાના ઉત્તમ ભાવ પ્રગટ થાય છે. માતા પિતા અને મંદિરની સેવાની તક તન, મન, ધનથી ઝડપી લેવાથી જીવન ઉજળું બને છે. અને સેવાથી ઘણો લાભ થાય છે. શ્રીજી મહારાજના આવા હેતનાં વચન સાંભળી - સુણી હરખ્યા સહુ જન રે,

તેજની મૂર્તિ પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ સંકલ્પથી નિર્માણ થયેલ દર્શનીય શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં બાંધકામમાં અને મ્યુઝિયમ મહોત્સવ પ્રસંગે બપોરના સમયે તીખાં તાપમાં મોં પર દુપટ્ટો બાધીને સામાન્ય મજૂરની જેમ સેવા કરતી બહેનો અને રોડ પર સૂર્યના તાપમાં પાર્કિંગની સેવા કરતાં સ્વયં સેવક ભાઈઓનાં દર્શન કરીને આપણા સહુનાં લાડીલા પૂજ્ય લાલજી મહારાજશ્રી બે હાથ જોડને નમન કરતા હતા તેવા દર્શનનાં પ્રસંગે સેવાનો મર્મ જાણી સંતો પણ ગદ્‌ગદ્‌ થઈ ગયાં હતા.

આજે પણ સત્સંગી બહેનો સેવાનો મર્મ જાણી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દરેક હોલની સફાઈની સેવા નિયમિત કરી રહ્યા છે. એવી ભાગ્યશાળી બહેનોનાં દર્શન કરવાથી પણ આપણામાં નિર્માનીપણું આવી જાય છે.

# સત્સંગ સમાચાર

**અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રીનરનારાયણાદિ દેવોને ચંદનના વાધાના દર્શન**

પરમકૃપાળુ સર્વોપરી શ્રીહરિની પરમ કૃપાથી તથા પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપાથી વૈશાખ સુદ-૩ અક્ષય તૃતીયાના શુભ દિને શ્રીનગર અમદાવાદ કાલુપુર મંદિરમાં બિરાજમાન ભરતખંડના અધિષ્ઠાતા પરમ કૃપાળુ શ્રી નરનારાયણાદિ દેવોને સુંદર મલિયાગર ચંદનના અલૌકિક વાધા ધરાવીને નિત્યે દર્શન કરાવવામાં આવતા હતા. પૂજારી બ્રહ્મચારી સ્વામી રાજેશ્વરાનંદજી અને તેમના શિષ્ય મંડળ ભગવાન શ્રીહરિને રાજી કરવા અને આવી અસહ્ય ગરમીમાં ભગવાનને શિતળતા મળે તેવા સુંદર ભાવથી ભગવાનને રાજી કરતા હતા. અને સર્વે સંત-હરિભક્તો પણ દર્શન કરી ધન્યતા અનુભવતા હતા. અનેક સેવાભાવી ભક્તોએ યજમાન બની મહાલાભ લીધો હતો. (શા.સ્વા. નારાયણમુનિદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હર્ષદ કોલોની ૭ મો પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રીહરિની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા સહ સમગ્ર ધર્મકુળના આશીર્વાદ અને ગાંધીનગર મંદિરના મહંત પૂ. શા. પી.પી. સ્વામીની પ્રેરણા તેમજ દાસભાઈની સાથે સત્સંગ સમાજના આયોજનથી તા. ૨૯-૪ થી તા. ૨-૫-૧૭ પર્યંત મંદિરનો ૭ મો વાર્ષિક પાટોત્સવ ઉલ્લાસ પૂર્વક ઉજવાયો.

પાટોત્સવ અંતર્ગત શા. સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુલ)એ સંગીતની સુરાવલીઓ સાથે સુમધુર કંઠે વૈરાગ્ય મૂર્તિ સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી વિરચિત 'ધીરજાખ્યાન'ની રાત્રી પારાયણ કથાનું શ્રવણ કરાવ્યું હતું. કથાના મુખ્ય યજમાન પ.ભ. બાબુભાઈ હરિભાઈ વઘાસીયા પરિવારે દિવ્ય લાભ લીધો હતો. આ પ્રસંગે સત્સંગ ડાયરો, પોથીયાત્રા, સમૂહ મહાપૂજા, અન્નકૂટ, પ્રાસંગિક સભા અને મહાપ્રસાદનું આયોજન થયું હતું. અમદાવાદ (કાલુપુર), ગાંધીનગર, એપ્રોચ, નારાયણઘાટ આદિક ધામોધામથી સંતો-મહંતો પધાર્યા હતા. કથા શ્રવણાર્થે તેમજ બહેનોને દર્શન, ચરણ સ્પર્શનો લાભ આપવા પ.પૂ. અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી તેમજ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રી પધાર્યા હતા.

પ.પૂ. મહારાજશ્રીએ મોટા ઉત્સવ, સમૈયા દરમિયાન બાપુનગરના ભક્તજનોની શ્રમયજ્ઞરૂપી સેવાને યાદ કરીને ભાઈઓનું નિર્માણાધિન નૂતન મંદિર વહેલાસર નિર્માણ પામે તેવા શુભાશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે ભૂમિદાન, બાંધકામ, સિંહાસન અને મૂર્તિ આદિકના યજમાનપદે ભક્તજનોએ ઉદારતાથી દાનની સરવાણી વહાવીને ધર્મકુળ તેમજ સંતોનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

(ગોરધનભાઈ વી. સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ (બાપુનગર) શ્રીનરનારાયણદેવ બાળમંડળનો ટોરડા ધામ યાત્રા પ્રવાસ**

પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ આજ્ઞા આશીર્વાદથી અને મહંત સ.ગુ. લક્ષ્મણજીવનદાસજીની પ્રેરણાથી તા. ૨૨-૪-૧૬ ના રોજ શ્રી નરનારાયણદેવ બાળ સત્સંગ મંડળ (બાપુનગર)ના ૨૫૦ બાળકોએ ટોરડા અને શામળાજી ધામના દર્શનનું આયોજન કર્યું હતું. એપ્રોચ મંદિરના સાધુ પૂ. ધર્મકિશોરદાસજી અને મહાપુરુષદાસજીએ બાળકોની સાથે રહી સ.ગુ. ગોપાળાનંદ સ્વામીના પરચાથી ઐતિહાસિક મહિમા ધરાવતા દર્શનીય સ્થળોનું તેમજ મોડાસા મંદિરનું દર્શન કરાવી વાર્તા પ્રસંગો સંભળાવ્યા હતા.

પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી તા. ૨૧-૪-૧૭ ના રોજ એપ્રોચ મંદિરમાં સત્સંગ પ્રચારમાં સક્રિય બહેનો રૂપમબેન, ધરતીબેન, હિરલબેન અને ચેતના બહેનના પ્રયાસથી સવારના ૮ થી સાંજના ૭-૩૦ કલાક પર્યંત બાલિકા શિબિરનું સુંદર આયોજન થયું હતું.

બન્ને આયોજનોમાં સંસ્કાર સિંચન અને સત્સંગ ભક્તિની સાથે સાથે બાળકોની ચોકલેટ, આઈસ્ક્રીમ, નાસ્તો અને ભોજન પ્રસાદથી સારી રીતે સંભાવના કરવામાં આવી હતી.

શ્રી નરનારાયણદેવ યુવક મંડળ (બાપુનગર) દ્વારા પણ ટોરડા, શામળાજી અને ઈડર ધામના દર્શન અર્થે યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંતો સહિત ૯૦૦ જેટલા હરિભક્તો જોડાયા હતા. (ગોરધનભાઈ વી. સીતાપરા)

**શ્રી મોરલી મનોહરદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજ ધોળકાધામ ૧૯૦ મો વાર્ષિક પાટોત્સવ**

શ્રી મોરલી મનોહરદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજ શ્રી સ્વામિનારાયણ મંદિર ધોળકા ધામનો ૧૯૦ મો વાર્ષિક પાટોત્સવ વૈશાખ વદ-૫ ને મંગળવારના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આશીર્વાદાત્મક આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપાથી તથા ધોળકા મંદિરના મહંત સ્વામી સ.ગુ. જગદીશપ્રસાદદાસજીના અથાગ પરિશ્રમ અને પ્રેરણાથી ધામધૂમથી શાનદાર રીતે ઉજવાયો.

વાર્ષિક પાટોત્સવના અંગભૂત ગ્રંથરાજ ''શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ''નું આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તાપદે મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી વાસુદેવચરણદાસજી (કાંકરિયાધામ) તથા શાસ્ત્રી સ્વામી અજયપ્રકાશદાસજીએ (ધોળકાધામ) બિરાજીને કથામૃતનું સંગીતમય શૈલીમાં રસપાન કરાવ્યું હતું.

પાટોત્સવ મહોત્સવના અંતર્ગત શ્રીહરિની ષોડશોચાર હોમાત્મક મહાપૂજા, શ્રી ઠાકોરજીનો મહાઅભિષેક, અન્નકૂટ વગેરેનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. સત્સંગિજીવન પારાયણ નિમિત્તે પ્રથમ દિવસે પોથીયાત્રા કલિકુંડથી નિજ મંદિર સુધી શાનદાર રીતે યોજવામાં આવી હતી. જેમાં સંતો તથા હરિભક્તોએ ઉમળકાભેર ભાગ લીધો હતો.

પાટોત્સવ મહોત્સવના પાંચેય દિવસ દરમિયાન ધામોધામથી સંતો-મહંતોએ પધારીને મહોત્સવને ખૂબજ શોભાવ્યો હતો. જેમાં ગાંધીનગરથી પ.પૂ.સ.ગુ. શા. સ્વામી શ્રીહરિકેશવદાસજી, સ.ગુ. સ્વામી કૃષ્ણવલ્લભદાસજી, શા. સ્વામી નૌતમપ્રકાશદાસજી (વડતાલ), સ.ગુ. શા. સ્વામી પ્રેમસ્વરૂપદાસજી, સ.ગુ. શા. સ્વામી રઘુવીરચરણદાસજી, સ.ગુ. મહંત સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, કમીજડાના ભાણ સાહેબની જગ્યાના મહંતશ્રી જાનકીદાસજી બાપુ આદિ સંતો પધાર્યા હતા.

ગુજરાત વિધાનસભાના માનનીય અધ્યક્ષશ્રી રમણલાલ વોરા, શિક્ષણ ને મહેસુલ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા આદિ રાજકિય મહાનુભાવો પણ પધાર્યા હતા.

શ્રી મોરલી મનોહરદેવશ્રી હરિકૃષ્ણ મહારાજનો ૧૯૦ મો વાર્ષિક પાટોત્સવ આપણા સૌના લાડીલા પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના પાવન વરદ્ હસ્તે સંપન્ન થયો હતો. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પાટોત્સવની સભામાં રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. તથા અન્નકૂટની આરતી ઉતારી હતી.

પાટોત્સવના યજમાનશ્રી તથા કથા પારાયણના યજમાનશ્રીએ આ દિવ્ય મહોત્સવની સેવાનો અનેરો લાભ લીધો હતો. (કોઠારીશ્રી સત્યસંકલ્પદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર પેથાપુર ૧૩ મો પાટોત્સવ**

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના રૂડા આશીર્વાદથી તથા પેથાપુર મંદિરના મહંત સ્વામી ધર્મપ્રવર્તકદાસજીની પ્રેરણાથી અત્રે મંદિરમાં બિરાજમાન બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજ તથા શ્રી રાધાકૃષ્ણદેવનો ૧૩ મો પાટોત્સવ તા. ૭-૫-૧૭ થી તા. ૧૨-૫-૧૭ દરમ્યાન ધામધૂમથી ઉજવાયો.

પાટોત્સવ પ્રસંગના ઉપલક્ષમાં 'સ્નેહગીતા', રાત્રીય કથા, ૧૩ કલાકની અખંડ ધૂન, ઠાકોરજીને પુષ્પાભિષેક, રાસોત્સવ, ઠાકોરજીને ષોડશોપચાર મહાભિષેક અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીની અન્નકૂટ આરતી થઈ હતી. સમગ્ર સભાને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આશીર્વાદ પાઠવ્યા હતા. બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ. અ.સૌ. ગાદીવાળાશ્રી પણ પધાર્યા હતા. આ પ્રસંગે કાલુપુર, બાપુનગર, રણજીતગઢ, બાવળા, બોપલ અને વણઝરથી સંતો પધાર્યા હતા. સમગ્ર પ્રસંગમાં યજમાનો શ્રી ગજજર સત્સંગ સમાજ, પેથાપુર, પશાભાઈ પટેલ (ઉનાવા), રશ્મિકાંતભાઈ, પી.પી. જોશી (એડવોકેટ), બળવંતકુમાર ચૌધરી તથા રસિકભાઈ ગજજર રહ્યાં હતા. સભા સંચાલન સ્વામી ભક્તિપોષકદાસજી (બાવળા)એ કર્યું હતું.

(સાધુ ઘનશ્યામ સ્વામી - પેથાપુર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ગુલાબપુરા ૬૨ મો વાર્ષિક પાટોત્સવ**

પરમ કૃપાળુ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપાથી તથા અ.નિ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિસ્વરૂપદાસજીના દિવ્ય આશીર્વાદથી તેમના સમગ્ર શિષ્ય મંડળની પ્રેરણાથી ગુલાબપુરા શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૬૨ મો વાર્ષિક પાટોત્સવ અ.નિ. પ.ભ. પટેલ મણીલાલ નરસિંહદાસ મોતીદાસ પરિવારના યજમાનપદે ચૈત્ર વદ-૨ તા. ૧૨-૪-૧૭ ના રોજ વિધિવત રીતે ઉજવાયો. સમગ્ર પાટોત્સવનું આયોજન સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રીહરિસ્વરૂપદાસજીના શિષ્ય મંડળ, તથા પ્રમુખશ્રી કોઠારીશ્રી (ટ્રસ્ટીશ્રી કાલુપુર મંદિર) તથા નિજ મંદિરના સર્વે સભ્યો અને ગામના સર્વે હરિભક્તોના સાથ સહકારથી સુંદર આયોજન થયું હતું. ઠાકોરજીની અન્નકૂટ આરતી કાલુપુર મંદિરના મહંત સ.ગુ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, યજમાન પરિવાર, આદિએ ઉતારી હતી. બાદમાં સૌએ પ્રસાદ ગ્રહણ કરી ઠાકોરજીની નગર યાત્રામાં જોડાયા હતા.

(અલ્પેશભાઈ પટેલ - ગુલાબપુરા)

**ટાંકીયામાં સત્સંગ સભા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ટાંકીયા ગામે તા. ૨૫-૪-૧૭ ના રોજ શા.સ્વા. માધવપ્રિયદાસજી અને સંતોએ અત્રેના શ્રી સ્વામિનારાયણ મંદિરના જીર્ણોધ્ધાર માટે સત્સંગ સભાનું સુંદર આયોજન કર્યું હતું. તેમા સર્વે હરિભક્તોએ કથાવાર્તાનો લાભ લીધો હતો. અને મંદિરના જીર્ણોધ્ધારમાં પણ સૌએ સારી સેવા કરવા સંકલ્પ કર્યો હતો.

(શા. માધવ સ્વામી - કાંકરિયા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર સાબરમતી (રામનગર) ૧૯ મો વાર્ષિક પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમં સમગ્ર ધર્મકુળના રાજીપાથી તથા સ.ગુ. મહંત શા. નાના પી.પી. સ્વામી (ગાંધીનગર)ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર સાબરમતી (રામનગર)ના ૧૯ માં વાર્ષિક પાટોત્સવના ઉપલક્ષમાં તા. ૫-૫-૧૭ ના રોજ મહાપૂજા, ઠાકોરજીને અન્નકૂટ અને સત્સંગ સભા આદિ સુંદર કાર્યક્રમ થયા હતા. પાટોત્સવના યજમાનનો લાભ પ.ભ. કિરીટભાઈ ડાહ્યાભાઈ ઝુંડાલવાળાએ લીધો હતો. આ પ્રસંગે ગાંધીનગર મંદિર (સે-૨) થી શા. પી.પી. સ્વામી, બાલ સ્વરૂપ સ્વામી (મૂળી), પ્રાણજીવન સ્વામી (પ્રાંતિજ) અને નારણઘાટથી બાલ સ્વરૂપ સ્વામી આદિ સંત મંડળે ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારીને સભામાં ભગવાન શ્રીહરિના સર્વોપરી ઉપાસનાની સુંદર વાતો સંભળાવી હતી. (નટુભાઈ પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વડનગર શ્રી ઘનશ્યામ મહારાજને ચંદનના વાઘાના દર્શન**

ગુજરાતની ઐતિહાસિક અને ધાર્મિક નગરી વડનગર ખાતે આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પરમ કૃપાળુ શ્રી ઘનશ્યામ મહારાજની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના સંપૂર્ણ રાજીપાથી અને સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી શ્રી નારાયણવલ્લભદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી મંદિરમાં બિરાજમાન બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજને વૈશાખ સુદ-૩ અખાત્રીજથી મલીયાગર ચંદનના અલૌકિક વાઘા સ.ગુ. કોઠારી શાસ્ત્રી સ્વામી વિશ્વપ્રકાશદાસજીના સુંદર પ્રયાસથી ધરાવવામાં આવતા હતા. હરિભક્તો દર્શન કરી ખૂબજ ભાવ વિભોર બનીને આનંદિત થતા હતા. સ્થાનિક હરિભક્તોએ ચંદનના વાઘાના યજમાન બની મહાઅલૌકિક લાભ લીધો હતો.

(સ.ગુ.શા.સ્વા. નારાયણવલ્લભદાસજી - વડનગર)

**સિંધાલી (આંતરોલી દેશ) સત્સંગ સભા**

પરમકૃપાળુ શ્રીજી મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી સ.ગુ. મહંત સ્વામી ધર્મસ્વરૂપદાસજી (કાંકરિયા)ની પ્રેરણાથી આંતરોલી દેશના સિંધાલી ગામે તા. ૧૯-૪-૧૭ ના રોજ શા.સ્વા. માધવપ્રિયદાસજી અને સંત મંડળે સત્સંગ સભામાં સર્વોપરી શ્રીજી મહારાજના લીલાચરિત્રોની વાતો સંભળાવી હતી. ગામના સર્વે હરિભક્તોએ સભાનો લાભ લીધો હતો. આ પ્રસંગમાં સ.ગુ.શા.સ્વા. સ્વયંપ્રકાશદાસજી માર્ગદર્શક રહ્યા હતા. (શા.સ્વા. માધવપ્રિયદાસજી - કાંકરિયા)

**વેડાગોવિંદપુરા સત્સંગ સભા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત સ્વામી ધર્મસ્વરૂપદાસજી (કાંકરિયા)ની પ્રેરણાથી તા. ૨૩-૪-૧૭ ના રોજ વેડા ગોવિંદપુરાના શ્રી સ્વામિનારાયણ મંદિરના જીર્ણોધ્ધાર નિમિત્તે સુંદર સત્સંગ સભા થઈ હતી. જેમાં કાંકરિયા મંદિરના શા.સ્વા. માધવપ્રિયદાસજીએ ભગવાન શ્રીહરિની વાતો કરીને ગામના નૂતન મંદિર માટે સેવા કરવા સૌ હરિભક્તોને નિવેદન કરેલ. સમસ્ત ગામના હરિભક્તોએ ખૂબજ સુંદર કથાનો લાભ લઈ ધન્ય બન્યા હતા. (શા. માધવપ્રિયદાસ - કાંકરિયા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર રાબડીયા ૬ઠ્ઠો વાર્ષિક પાટોત્સવ**

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા જેતલપુર ધામના પૂ. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂ. શા. પી.પી. સ્વામીની પ્રેરણા માર્ગદર્શનથી રાબડીયા શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૬ઠ્ઠો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગે જેતલપુર ધામથી પૂ. મહંત સ.ગુ. શા.સ્વા. આત્મપ્રકાશદાસજી આદિ સંત મંડળે પધારી સૌ પ્રથમ ઠાકોરજીનો અભિષેક અને અન્નકૂટ આરતી ઉતારીને હરિભક્તોને અલૌકિક દર્શન કરાવ્યા હતા. ત્યારબાદ સંતો દ્વારા કથા વાર્તા અને છેલ્લે સુંદર પ્રસાદ ભોજન સૌને જમાડવામાં આવેલ. ગામ અને આજુબાજુના ગામના હરિભક્તો દર્શન કરી ધન્ય ધન્ય બન્યા હતા.

(કોઠારી હરિકૃષ્ણભાઈ રાબડીયા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વાવોલ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ**

પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપશ્રી ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સાંખ્યયોગી ઝવેરબાની પ્રેરણાથી તા. ૨૯-૪-૧૭ થી તા. ૪-૫-૧૭ પર્યન્ત શ્રી સ્વામિનારાયણ મંદિર વાવોલ ખાતે શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ પટેલ કાંતાબેન વિનુભાઈના યજમાન પદે થઈ હતી. તા. ૪-૫-૧૭ ના રોજ પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીએ પધારીને બહેનોને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

તા. ૫-૫-૧૭ ના રોજ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ પધારી કથા શ્રવણ કરી ઠાકોરજીના પાટોત્સવ પ્રસંગે અન્નકૂટ આરતી ઉતારીને સભામાં સૌ બહેનોને રૂડા આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા.

કથાશ્રવણમાં ધમાસણા, ચાંદખેડા, કલોલ, અંબાપુર અને મોખાસણ આદિ ગામોના સાંખ્યયોગી બહેનો પધાર્યા હતા.

(સાં. દર્શનાબા - શારદાબેન, ઉષાબેન વાવોલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર રનેલા (ઝાડી દેશ) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા**

પરબ્રહ્મ પરમાત્મા સર્વાવતારી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપાથી તથા સ.ગુ. ભંડારી સ્વામી સૂર્યપ્રકાશદાસજીની પ્રેરણાથી ઝાડી વિસ્તાર (પંચમહાલ)ના રનેલા ગામે શા.સ્વા. વિશ્વસ્વરૂપદાસજીએ હરિભક્તોના સાથ સહકારથી સુંદર હરિમંદિરનું નિર્માણ પૂર્ણ થતા મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં તા. ૨૩-૫-૧૭ થી તા. ૨૭-૫-૧૭ દરમ્યાન યજ્ઞવિધિ તેમજ સ.ગુ. નિષ્કુળાનંદ કાવ્ય અંતર્ગત "શ્રીહરિ ઐશ્વર્ય લીલા" કથામૃતનું પાન સ.ગુ.શા.સ્વા. વિશ્વસ્વરૂપદાસજીના સુંદર કંઠે સંગીત સાથે કથા શ્રવણ કરાવ્યું હતું.

છેલ્લા દિવસે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે સર્વોપરીશ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી નરનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવ આદિ દેવોની પ્રાણ પ્રતિષ્ઠા વેદોક્ત વિધિસર ધામધૂમથી સંપન્ન થઈ હતી.

પ્રાસંગિક સભામાં સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ મંદિરમાં નિત્યે દર્શન આવવા ખાસ અનુરોધ કરી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. (કોઠારીશ્રી રનેલા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલ ૧૨ મો પાટોત્સવ**

પરમકૃપાળુ સર્વોપરી શ્રીહરિની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ સમગ્ર ધર્મકુળના રાજીપાથી બોપલ મંદિરમાં બિરાજમાન સર્વોપરી બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજ આદિ દેવોનો ૧૨ મો વાર્ષિક પાટોત્સવ પ.ભ. કનુભાઈ દલસુખભાઈ પટેલ (મેડા) પરિવારના યજમાન પદે વૈશાખ સુદ-૭ ને તા. ૨-૫-૧૭ ના રોજ ધામધૂમથી ઉજવાયો. સંતો દ્વારા ઠાકોરજીને ષોડશોપચાર અભિષેક, ધૂન-ભજન કીર્તન કથા આદિ બાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીની અન્નકૂટ આરતી થઈ હતી.

પ્રાસંગિક સભામાં કાલુપુર મંદિરના પૂ. મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી, પૂ. બ્ર.સ્વા. રાજેશ્વરાનંદજી આદિ ધામો ધામના સંતોની પ્રેરક વાણી બાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ખૂબજ પ્રસન્ન ચિત્તે રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે છપૈયાધીશ બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજની સંગેમરમરની અલૌકિક મૂર્તિ યજમાનશ્રી વીણાબેન પ્રવિણભાઈ ભાવસારને ત્યાંથી વાજતે ગાજતે શોભાયાત્રા દ્વારા તા. ૩૦-૪-૧૭ ના રોજ ધામધૂમથી પધરાવી હતી. સર્વે સંતો-હરિભક્તોએ દર્શન કરી પ્રસાદ ગ્રહણ કરી ધન્ય ધન્ય બન્યા હતા. (પ્રવિણભાઈ ઉપાધ્યાય)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઈડર તાબાના ગામોમાં પાટોત્સવ અને સત્સંગ સભા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ ઈડર મંદિરના મહંત સિધ્ધેશ્વરદાસજીની પ્રેરણાથી થયેલ ઈડર દેશમાં સત્સંગ પ્રવૃત્તિ

તા. ૧૯-૩-૧૭ ના રોજ જૂના અરોડા શ્રી સ્વામિનારાયણ મંદિરનો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. ઈડર મંદિરના સંતો દ્વારા કથા વાર્તા ધૂન-આરતી કરવામાં આવી હતી.

શ્રી સ્વામિનારાયણ મંદિર ફિચોડ ખાતે તા. ૨૦-૪-૧૭ ના રોજ સત્સંગ સભામાં ઈડર મંદિરના સંતોએ કથા વાર્તા ધૂન આરતી કરી સૌ હરિભક્તોને રાજી કર્યા હતા.

તા. ૩૦-૪-૧૭ ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર નવા અરોડા મંદિરનો પાટોત્સવ વિધિવત રીતે ઉજવાયો. ઈડર મંદિરના સંતોએ ઠાકોરજીની આરતી, કથા વાર્તા કરી હરિભક્તોને રાજી કર્યા હતા.

શ્રી સ્વામિનારાયણ મંદિર પ્રતાપપુરા ગામે તા. ૧-૫-૧૭ ના રોજ સત્સંગ સભામાં ઈડર મંદિરના સંતોએ સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનનું મહિમા માહાત્મ્ય સમજાવીને ધૂન-કીર્તન કરી હરિભક્તોને રાજી કર્યા હતા.

(કોઠારીશ્રી - ઈડર મંદિર)

**કડી - નારણપુરા શ્રી સ્વામિનારાયણ મંદિરનો પાટોત્સવ**

પરબ્રહ્મ પરમાત્મા ઈષ્ટદેવ શ્રીહરિની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સ.ગુ. મહંત સ્વામી ધર્મસ્વરૂપદાસજી (કાંકરિયા)ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણપુરા (તા. કડી) ખાતે ઠાકોરજીનો પાટોત્સવ તા. ૫-૫-૧૭ ના રોજ ધામધૂમથી ઉજવાયો. પાટોત્સવના ઉપલક્ષમાં મહાપૂજા, અન્નકૂટ અને સત્સંગ સભા થઈ હતી. જેમાં શા.સ્વા. માધવપ્રિયદાસજી (કાંકરિયા) અને સંતોએ કથા વાર્તા આદિ કરીને શ્રીહરિની અન્નકૂટ આરતી ઉતારી હતી. સર્વે ગામના ભક્તોએ દર્શન, કથાવાર્તા અને મહાપૂજાનો લાભ લઈ પ્રસાદ ગ્રહણ કરી ખૂબજ રાજી થયા હતા. (કોઠારીશ્રી કડી - નારણપુરા)

**નારણપુરા (નવદીપ હોલ)માં શ્રીમદ્ ભાગવત પારાયણ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી (કાલુપુર) અને સ.ગુ. મહંત શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (નારણઘાટ)ની પ્રેરણાથી શ્રીહરિ પ્રસન્નાર્થે તા. ૯-૫-૧૭ થી તા. ૧૫-૫-૧૭ પર્યન્ત રાત્રે ૮ થી ૧૧ નારણપુરા નવદીપ હોલ ખાતે સ.ગુ.શા. સ્વામી રામકૃષ્ણદાસજીના (કોટેશ્વર) વક્તાપદે સંગીતના મધુર તાલે શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ થઈ હતી. ભાવિક ભક્તોની ભીડથી સમગ્ર હોલ ભરાઈ જતો હતો.

સમગ્ર કથા દરમ્યાન સભા સંચાલન સ.ગુ.શા.સ્વામી નારાયણમુનિદાસજી (કાલુપુર)એ શોભાવ્યું હતું. કથામાં પ્રથમ પોથીયાત્રા, શ્રીકૃષ્ણ જન્મોત્સવ, રાસ, સમૂહ આરતી આદિ થયા હતા. (મહંતશ્રી ગાંધીનગર મંદિર સે-૨)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઈશ્વરપુરા ૨૨ મો પાટોત્સવ એવમ્ શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ**

સર્વોપરી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા મહંત શા. પી.પી. સ્વામી (ગાંધીનગર)ની પ્રેરણાથી તેમજ ઈશ્વરપુરા સમસ્ત સત્સંગ સમાજ તરફથી શ્રી સ્વામિનારાયણ મંદિર ઈશ્વરપુરાનો ૨૨ મો વાર્ષિક પાટોત્સવ એવમ્ બહેનોના મંદિરની મૂર્તિ પ્રતિષ્ઠા વિધિવત રીતે ધામધૂમથી થઈ હતી.

તા. ૧૩-૫-૧૭ થી તા. ૧૭-૫-૧૭ પર્યન્ત પાટોત્સવના ઉપલક્ષમાં સ.ગુ.શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર) તથા સ.ગુ. શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (ગાંધીનગર)ના વક્તાપદે સંગીતના મધુર તાલે શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાન્હ પારાયણ થઈ હતી.

જેમાં પોથીયાત્રા, શ્રી ઘનશ્યામ જન્મોત્સવ, શ્રીહરિગાદી પટ્ટાભિષેક, શ્રી નરનારાયણદેવ પ્રતિષ્ઠા મહોત્સવ, સાંસ્કૃતિક કાર્યક્રમ, ધર્મકુળ દર્શન, સંતોની પ્રેરક વાણી, ઠાકોરજીનો અભિષેક, અન્નકૂટ દર્શન આદિ ધામધૂમથી સંપન્ન થયા હતા.

આ પ્રસંગે ધામોધામથી સંતો પધાર્યા હતા. સંહિતા પાઠનું સુંદર આયોજન થયું હતું. જેમાં ચાર સંહિતા પાઠી સંતો અને ભૂદેવ બિરાજ્યા હતા. નાના મોટા તમામ હરિભક્તોએ યજમાન બની સેવા કરી હતી.

પારાયણ દરમ્યાન પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને રૂડા આશીર્વાદ આપી રાજી થયા હતા. તા. ૧૭-૫-૧૭ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે બહેનોના મંદિરમાં ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા અને ભાઈઓના મંદિરમાં ૨૨ મા પાટોત્સવની અભિષેક આરતી ધામધૂમ પૂર્વક થયા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ગામના સૌ ભક્તોને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

ઉત્સવમાં સેવામાં સ.ગુ. કોઠારી સ્વામી જે.કે. સ્વામી (કાલુપુર), શા. કૂંજવિહારીદાસ (કાલુપુર), જયવલ્લભ સ્વામી (ઈડર), શા. ગોપાલજીવન સ્વામી (પ્રાંતિજ) અને સ.ગુ.શા. નારાયણમુનિ સ્વામી, તેમજ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને ગામના સર્વે ભક્તોએ પ્રેરણારૂપ સેવા બજાવી હતી. (કોઠારીશ્રી - ઈશ્વરપુરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે-૨) શ્રીધીરજાખ્યાન પંચાન્હ રાત્રીય પારાયણ**

પરબ્રહ્મ પરમાત્મા સર્વાવતારી શ્રીજી મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સ.ગુ. મહંત શા. પી.પી .સ્વામી (ગાંધીનગર, નારાયણઘાટ)ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે-૨) ખાતે તા.૧૭-૫-૧૭ થી તા. ૨૧-૫-૧૭ પર્યન્ત નિષ્કુળાનંદ કાવ્ય અંતર્ગત શ્રી ધીરજાખ્યાન પંચદિનાત્મક કથા સ.ગુ.શા. સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી (ગાંધીનગર)ના વક્તાપદે સુમધુર સંગીતના તાલે અ.સૌ. ગીતાબેન મુકેશભાઈ પટેલ (મોખાસણ-અમેરિકા) પરિવારના યજમાનપદે ધામધૂમથી થઈ હતી. સમગ્ર આયોજન ગાંધીનગર મંદિર શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા સમસ્ત સત્સંગ સમાજ ગાંધીનગર (સે-૨) તરફથી થયું હતું. આ પ્રસંગે ધામોધામના સંતોમાં સ.ગુ. મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજી (કાલુપુર) આદિ ઘણા સંતો પધાર્યા હતા. ગાંધીનગર અને આજુબાજુના ઘણા ગામોના ભક્તોએ કથા શ્રવણ કરી અલ્પાહાર કરી ધન્ય ધન્ય બન્યા હતા. (કોઠારીશ્રી ગાંધીનગર મંદિર સે-૨)

**શ્રી નરનારાયણદેવ યુવક મંડળ નારાયણઘાટ આયોજીત શ્રીહરિ સ્મૃતિ સપ્તાહ રાત્રી કથા**

સર્વાવતારી શ્રીહરિની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા અ.નિ. સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી તથા મહંત શા. પી.પી. સ્વામી (નારાયણઘાટ-ગાંધીનગર)ની પ્રેરણાથી તા. ૨૧-૫-૧૭ થી તા. ૨૭-૫-૧૭ પર્યન્ત શ્રીહરિ સ્મૃતિ સપ્તાહ પારાયણ (રાત્રીય) સ.ગુ. મહંત શા. દિવ્યપ્રકાશદાસજીના વક્તાપદે થઈ હતી.

પ્રસંગ દરમ્યાન સભા સંચાલન કોઠારી શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજીએ શોભાવ્યું હતું. કથાની પૂર્ણાહુતિ સ.ગુ. મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજીના વરદ્ હસ્તે થઈ હતી.

(બાલસ્વરૂપ સ્વામી - નારાયણઘાટ)

**ન્યુ રાણીપ શ્રી સ્વામિનારાયણ મંદિર ચોથો વાર્ષિક પાટોત્સવ**

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અ.નિ.સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. પી.પી. સ્વામી (નારાટણઘાટ-ગાંધીનગર) તથા મહંત શા. સ્વામી દિવ્યપ્રકાશદાસજી (નારણઘાટ)ની પ્રેરણાથી અને ટ્રસ્ટી મંડળ, યુવક મંડળ અને સમસ્ત હરિભક્તોના સુંદર પ્રયાસથી તા. ૨૦-૫-૧૭ ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર ન્યુ રાણીપનો પાટોત્સવ વિધિવત રીતે ઉજવાયો.

આ પ્રસંગે ઠાકોરજીનું પૂજન, અભિષેક, અન્નકૂટ, હોમાત્મક મહાપૂજા, મહા મંત્ર ધૂન જેવા સુંદર કાર્યક્રમ થયા હતા. પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી બહેનોને દર્શન આશીર્વાદ આપવા પધાર્યા હતા.

(શા.મહંતશ્રી દિવ્યપ્રકાશદાસ - નારાયણઘાટ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઘાટલોડિયા (આર.સી. ટેકનિકલ રોડ) શ્રીહરિ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ**

પરમકૃપાળુ ભરતખંડના અધિષ્ઠાતા શ્રી નરનારાયણદેવની પૂર્ણ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના રાજીપાથી અને સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (ગાંધીનગર)ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર (આર.સી. ટેકનિકલ રોડ) ઘાટલોડિયા સમસ્ત સત્સંગ સમાજ ઘાટલોડિયાના આયોજનથી શ્રી સ્વામિનારાયણ મંદિર ઘાટલોડિયાનો શ્રીહરિ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૨૭-૫-૧૭ થી તા. ૩૧-૫-૧૭ દરમ્યાન ધામધૂમથી સંપન્ન થયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં સ.ગુ. નિષ્કુળાનંદ કાવ્ય અંતર્ગત શ્રી ધીરજાખ્યાન પંચાન્હ રાત્રીય પારાયણ સ.ગુ.શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (ગાંધીનગર) ના વક્તાપદે સંગીતના મધુર તાલે સંપન્ન થઈ. જેનો હજારો શ્રોતાજનોએ કથા શ્રવણનો લાભ લીધો હતો. સંહિતા પાઠમાં સ.ગુ. સ્વામી હરિપ્રિયદાસજી બિરાજ્યા હતા. કથા પારાયણના પ્રારંભમાં તા. ૨૭-૫-૧૭ના સાંજે ૪-૦૦ કલાકે પારાયણના યજમાનશ્રી પટેલ કાંતિભાઈ સોમદાસ દલાલના નિવાસ સ્થાનેથી પોથીયાત્રા ધામધૂમપૂર્વક કથા સ્થળે પહોંચી હતી. તા. ૨૯-૫-૧૭ ના સવારે ૮-૦૦ કલાકે યજ્ઞનો પ્રારંભ અને તા. ૩૧-૫-૧૭ ના યજ્ઞની પૂર્ણાહુતિ થઈ હતી. ઠાકોરજીની નગરયાત્રા તા. ૩૦-૫-૧૭ મંગળવારના રોજ સાંજે ૪-૦૦ કલાકે શ્રી સ્વામિનારાયણ મંદિરથી વાજતે ગાજતે ધૂન ભજન કીર્તન કરતા સભા મંડપમાં ધામધૂમથી પહોંચી હતી. પ્રસંગ દરમ્યાન પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને કથા શ્રવણ કરી બહેનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. તા. ૩૧-૫-૧૭ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે સર્વોપરી શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી નરનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવની પ્રાણ પ્રતિષ્ઠા વેદોક્ત વિધિપૂર્વક ધામધૂમથી સંપન્ન થઈ હતી. ત્યારબાદ યજ્ઞ અને કથાની પૂર્ણાહુતિની આરતી થઈ હતી. પ્રાસંગિક સભામાં અનેક ધામોથી પધારેલા સંતોમાં સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી (કાલુપુર) આદિ સંતોનીએ પ્રેરણાત્મક પ્રવચન કર્યું હતું. આ પ્રસંગે મેડીકલ કેમ્પ અને બ્લડ ડોનેશન પણ રાખવામાં આવેલ. નાના મોટા સૌ ભક્તોએ પોતાને મળેલ સેવા ખૂબજ શ્રધ્ધાથી કરીને શ્રીજી મહારાજ અને ધર્મકુળને રાજી કર્યા હતા. પ.પૂ. મહારાજશ્રીની આજ્ઞા-પ્રેરણાથી સંતોએ ખૂબજ સુંદર દાખડો કરી આવું ભવ્ય મંદિર બનાવીને હરિભક્તો માટે કલ્યાણ અને મોક્ષનું દ્વાર ખુલ્લું મુક્યું છે.

(રમેશભાઈ પટેલ - ડાંગરવાવાળા)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**મૂળી મંદિરમાં શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજને ચંદનના વાધાના દર્શન**

પરમ કૃપાળુ સર્વાવતારી શ્રી ઘનશ્યામ મહારાજની પૂર્ણ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપાથી તથા શ્રી રાધાકૃષ્ણદેવના પૂજારી સ્વામી જયપ્રકાશદાસજી, પૂજારી સ્વામી અજયપ્રકાશદાસજી અને શ્રી ઘનશ્યામ મહારાજના પૂજારી સ્વામી જયપ્રકાશદાસજી આદિ સંત મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વરસે પણ મૂળી મંદિરમાં બિરાજમાન શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજને વૈશાખ સુદ-૩ અખાત્રીજ થી જેઠ સુદ-૧૫ પર્યન્ત સુખડ-ચંદનના અલૌકિક વાધા ધરાવી દર્શન કરાવ્યા હતા. આવી અસહ્ય ગરમીમાં ઠાકોરજીને શિતળતા મળે અને દરેક મુમુક્ષુ જીવને પણ અંતરમાં ટાઢક થાય તેવા સુંદર હેતુથી અલૌકિક દર્શનનું સુખ પ્રાપ્ત કરી સૌ ધન્ય ધન્ય બન્યા હતા. ઘણા સેવાભાવી હરિભક્તોએ યજમાન બની મહા લાભ લીધો હતો. (પાર્ષદ ભરત ભગત મૂળી)

**ખેરાળી ગામે કથા પારાયણ**

મૂળી નિવાસી પરમકૃપાળુ શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તેમજ સુરેન્દ્રનગર મંદિરના સ.ગુ. મહંત સ્વામી પ્રેમજીવનદાસજીની શુભ પ્રેરણાથી ખેરાળી ગામે તા. ૨૫-૪-૧૭ થી તા. ૨૯-૪-૧૭ પર્યન્ત પૂજારી સ્વામી ત્યાગવલ્લભદાસજીના (સુ.નગર) વક્તાપદે શ્રીમદ્ સત્સંગિજીવન રાત્રીય પંચાન્હ પારાયણનું સુંદર આયોજન થયું હતું. કથા બાદ સૌને અલ્પાહાર પ્રસાદ આપવામાં આવતો હતો. ગામના અને આજુબાજુના ઘણા ભક્તોએ કથા શ્રવણનો લાભ લીધો હતો.

આ પ્રસંગે મૂળી મંદિરથી મહંત સ્વામી સંત મંડળ સાથે પધારેલા. સભા સંચાલન શા.સ્વા. પ્રેમવલ્લભદાસજી તથા કૃપાવત્સલદાસજીએ કર્યું હતું. સમગ્ર આયોજન કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજીના માર્ગદર્શનથી કરવામાં આવ્યું હતું.

(શૈલેન્દ્રસિંહ ઝાલા)

**મેમકા ગામે કથા પારાયણ**

મૂળીધામ નિવાસી શ્રી ઘનશ્યામ મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સુરેન્દ્રનગર મંદિરના મહંત સ.ગુ. સ્વામી પ્રેમજીવનદાસજીની પ્રેરણાથી મેમકા ગામે તા. ૩-૫-૧૭ થી તા. ૭-૫-૧૭ દરમ્યાન પૂજારી સ્વામી ત્યાગવલ્લભદાસજી (સુરેન્દ્રનગર)ના

વક્તાપદે રાત્રીય કથા પારાયણ કરવામાં આવી હતી. કથા બાદ મહાપ્રસાદનું આયોજન થયું હતું. મૂળી મંદિરથી ઘણા સંતો પધાર્યા હતા. સમગ્ર પ્રસંગનું સભા સંચાલન શા.સ્વા. પ્રેમવલ્લભદાસજીએ કર્યું હતું. સમગ્ર આયોજન કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજીના માર્ગદર્શનથી મેમકા શ્રી નરનારાયણદેવ યુવક મંડળે કર્યું હતું. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

## વિદેશ સત્સંગ સમાચાર

### પારસીપની (યુ.એસ.એ.) શ્રી સ્વામિનારાયણ મંદિર (છપૈયાધામ)નો દ્વિતીય વાર્ષિક પાટોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભાશીર્વાદાત્મક આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા શ્રી ગાદીવાળાશ્રી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા મોટા ગાદીવાળાશ્રી તથા પૂ. બિન્દુરાજાના સંપૂર્ણ રાજીપાથી અને પારસીપની મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી અભિષેકપ્રસાદદાસજી તથા પૂજારી સ્વામી ધર્મવિહારીદાસજીના સાથ સહકારથી તા. ૨૩-૪-૧૭ ને રવિવારના રોજ પારસીપની મંદિરનો બીજો પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે ધામધૂમથી ઉજવાયો હતો. આ પ્રસંગે સમૂહ મહાપૂજાનું પણ આયોજન કર્યું હતું.

આ પાટોત્સવ અંતર્ગત તા. ૧૯-૪-૧૭ થી તા. ૨૩-૪-૧૭ સુધી ભક્તિશાસ્ત્ર ગ્રંથરાજ શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાન્હ પારાયણ વડનગર મંદિરના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજીના વક્તાપદે આયોજીત કરવામાં આવ્યું હતું. પાટોત્સવના મુખ્ય યજમાન તરીકે પ.ભ.શ્રી પટેલ પ્રહલાદભાઈ વિઠ્ઠલદાસ પરિવાર તથા પ.ભ.શ્રી દિપકભાઈ શંકરલાલ પટેલ પ.ભ. પટેલ દર્પેશભાઈ કનુભાઈ સહ યજમાન પરિવારે લાભ લીધો હતો. કથા પારાયણના મુખ્ય યજમાન પ.ભ. જનકભાઈ બાબુલાલ પટેલ તથા કથાના સહ યજમાન શ્રીમતી પુષ્પાબેન પ્રેમચંદભાઈ પાટડીયા એ લાભ લીધો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના પૂજનના યજમાન પ.ભ. શ્રી હેમેન્દ્રભાઈ જાદવજીભાઈ મોરડીયા તથા અભિષેકના યજમાન પ.ભ. સુધીરભાઈ પ્રહલાદભાઈ પટેલ તથા અન્નકૂટના યજમાન પ.ભ. રમેશભાઈ પ્રહલાદભાઈ પટેલ (રાજપુર) તથા ભોજન પ્રસાદના યજમાન અ.નિ. નટવરલાલ સોમદાસ પટેલ વડુ તથા પ.ભ. ઠાકોરભાઈ વિઠ્ઠલદાસ પટેલ (આણંદ) તથા પ.ભ. રવિ હસમુખલાલ પટેલ, પ.ભ. મહેન્દ્રભાઈ ભક્તિદાસ પટેલ દેઉસણાવાળા વિગેરે હરિભક્તોએ લાભ લીધો હતો. તથા ધજાના યજમાન તરીકે પ.ભ. પ્રફુલ્લકુમાર ઘનશ્યામભાઈ પટેલ, પ.ભ. સ્વપનિલ તથા નિસર્ગ, પ.ભ. માણેકલાલ નારણદાસ પટેલ, પ.ભ. ઘનશ્યામભાઈ પોપટલાલ કાકડીયા, પ.ભ. ભરતભાઈ રતિલાલ શાહ, પ.ભ. મગનલાલ અંબાલાલ પટેલ વિગેરેએ લાભ લીધો હતો. આ પ્રસંગે ઘીની સેવા પ.ભ. રમેશભાઈ રણછોડલાલ મારફતીયા, ખાંડની સેવા પ.ભ. હિમાંશુભાઈ હસમુખલાલ અમીન, ચોખાની સેવા પ.ભ. મનીષભાઈ અરવિંદભાઈ પટેલ, દાળની સેવા પ.ભ. ગોવિંદભાઈ ઘનશ્યામભાઈ પટેલ, ફુલહારની સેવા પ.ભ. કેતનભાઈ બળદેવભાઈ પટેલ, શાકભાજીની સેવા પ.ભ. સુખદેવભાઈ ભાનુભાઈ સુહાગીઆ, મસાલાની સેવા પ.ભ. સતીષભાઈ ચુનીલાલ પટેલ, મીનરલ વોટરની સેવા પ.ભ. કૌશિકભાઈ ડાહ્યાભાઈ પટેલ વગેરે હરિભક્તોએ લાભ લીધો હતો.

આ શુભ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે દેવોનો અભિષેક, શિવલીંગની પ્રાણ પ્રતિષ્ઠા પણ વેદોક્ત વિધિ અનુસાર કરવામાં આવી હતી. સભામાં સ.ગુ.શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી મોટા પી.પી. સ્વામી તથા સ.ગુ.શા.સ્વા. વાસુદેવચરણદાસજીએ પ્રાસંગિક પ્રવચન કર્યા હતા. છેલ્લે કથાની પૂર્ણાહુતિ બાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

### અયોધ્યાધામ જેકશન મીસીસીપી નૂતન મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા શ્રીનરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપાથી અમેરિકા આપણા ઈસો સંસ્થા દ્વારા

### જેતલપુર સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલયનું ૧૦૦ ટકા પરિણામ

જેતલપુરધામમાં આવેલ આપણી શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલયનું ચાલુ વર્ષનું ધો. ૧૦ અને ૧૨ માંનું પરિણામ ૧૦૦ ટકા આવેલ છે. વિદ્યાર્થીઓએ સંસ્થાનું નામ રોશન કરેલ છે. આપણી આ પાઠ શાળા એકસો પચાસ વર્ષ જૂની છે. અહીં સંસ્કૃતમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને સંસ્થા તરફથી રહેવા - જમવા તેમજ ભણવાની ફ્રી સુવિધા આપવામાં આવે છે અને દિનપ્રતિદિન, સંસ્કૃત પાઠશાળાનું નામ રોશન થતું જાય છે. અને વિદ્વાન પંડિતો દ્વારા ગુજરાતી, હિન્દી, સંસ્કૃત અને અંગ્રેજી ભાષાનું ઉત્તમ શિક્ષણ આપવામાં આવે છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રી પાઠશાળાની ઉત્તરોત્તર પ્રગતિ માટે આશીર્વાદ પાઠવે છે.

- (મહંત સ્વામી જેતલપુર દ્વારા)

મીસીસીપી ના જેકશનમાં નૂતન ભવ્ય શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૧૪,૧૫,૧૬ એપ્રિલ દરમ્યાન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે મૂર્તિ પ્રતિષ્ઠા ધામધૂમ પૂર્વક સંપન્ન થઈ. આ પ્રસંગે શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ ત્રિદિનાત્મક પારાયણ શા. દિવ્યપ્રકાશદાસજીના વક્તાપદે થઈ હતી. આ પ્રસંગે દેશ વિદેશના ધામોધામના સંતો પૈકી શા.પી.પી. સ્વામી (જેતલપુર) અમેરિકા આપણા મંદિરોના નિલકંઠ સ્વામી, શા. યજ્ઞપ્રકાશદાસજી, હરિનંદનદાસજી, નિત્યપ્રકાશ સ્વામી, ભક્તિ સ્વામી, મહેન્દ્ર ભગત તેમજ ઈસો ચેપ્ટરોના અનેક હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા. રવિવારના સવારે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા ધામધૂમથી સંપન્ન થઈ હતી. ત્યારબાદ યજ્ઞમાં શ્રીફળ હોમીને આરતી ઉતારીને યજ્ઞની પૂર્ણાહુતિ કરી હતી. ત્યારબાદ કથાની પૂર્ણાહુતિ કરી હતી. સભામાં સંતોની પ્રેરક અમૃતવાણી, યજમાન પરિવારોનું સન્માન પ.પૂ. મહારાજશ્રી અને સંતો દ્વારા થયું હતું.

પ.પૂ. મહારાજશ્રીનું પૂજન અર્ચન આરતી યજમાન પરિવારે કરી હતી, સંતોનું પણ પૂજન હરિભક્તોએ કર્યું હતું. પધારેલ મહાનુભાવોનું સ્વાગત પણ કરવામાં આવ્યું હતું. સમસ્ત સભાને પ.પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

ત્યારબાદ અન્નકૂટ આરતી પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ ઉતારી હતી. સૌ હરિભક્તો દર્શન કરી ધન્ય ધન્ય બન્યા હતા.

(પ્રવિણ શાહ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હ્યુસ્ટન શ્રી હનુમાન જયંતી**

પરમકૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા હ્યુસ્ટન મંદિરના મહંત શા. દિવ્યપ્રકાશદાસજી, નિલકંઠદાસજી અનો શા. ભક્તિનંદનદાસજીની પ્રેરણાથી આપણા હ્યુસ્ટન સુગરલેન્ડ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ૧૧ એપ્રિલના સાંજના ૫ થી ૮ દરમ્યાન શ્રી હનુમાન જયંતીની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી. સભા મંડપમાં સૌ પ્રથમ ધૂન, કીર્તન તથા યજમાનો દ્વારા મારૂતિયજ્ઞમાં યજ્ઞ વિધિની આહુતિ ત્યારબાદ અભિષેક અને છેલ્લે સૌએ આરતી ઉતારી હતી. સંતોએ શ્રી હનુમાનજીનું માહાત્મ્ય કહ્યું હતું. છેલ્લે થાળ-આરતી, નિત્ય નિયમ કરી સૌએ મહાપ્રસાદ ગ્રહણ કર્યો હતો. (પ્રવિણ શાહ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા શ્રી હનુમાન જયંતી**

પરમકૃપાળુ ઈષ્ટદેવ સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ અત્રે મંદિરના મહંત શા. ધર્મકિશોરદાસજી તથા પાર્ષદ મૂળજી ભગત (અયોધ્યા)ની પ્રેરણાથી ૧૫ એપ્રિલના સાંજના ૫ થી ૮ આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા ખાતે શ્રી હનુમાનજયંતી, ધામધૂમથી ઉજવાઈ હતી. સૌ પ્રથમ ધૂન કીર્તન થયા હતા.

આજે પ.પૂ. મોટા મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ દિન હોવાથી સંતો અને હરિભક્તોએ પ.પૂ. મોટા મહારાજશ્રીની તસવીરનું પૂજન કરીને ભગવાન શ્રીહરિની ધૂન કરી હતી. શ્રી હનુમાનજીનું પૂજન અભિષેક આરતી યજમાન પરિવાર સાથે ભૂદેવ દ્વારા થયું હતું. મહંત સ્વામીએ પ.પૂ. મોટા મહારાજશ્રી દ્વારા થયેલ સત્સંગની અનેક વિધ પ્રવૃતિને યાદ કરી ધર્મકુળ માહાત્મય અને શ્રી હનુમાનજીનું માહાત્મય કહ્યું હતું. છેલ્લે ઠાકોરજીને થાળ આરતી, નિત્ય નિયમ બાદ સૌએ મહાપ્રસાદ ગ્રહણ કર્યો હતો. (શાહ પ્રવિણભાઈ)

**નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે**

જેતલપુર : www.jetalpurdarshan.com
મહેસાણા : www.mahesanadarshan.org
છપૈયા : www.chhapaiya.com
ટોરડા : www.swaminarayanmandirtorda.com
નારણઘાટ : www.narayanghat.com
વડનગર : www.swaminarayanmandirvadnagar.com
પ્રયાગ : www.prayagmilan.org
અયોધ્યા : www.ayodhyaswaminarayanmandir.com
ઈડર : www.gopinathjiidar.com
નારણપુરા : www.sankalpmurti.org

શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે
લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે એડ્રેસ

shreeswaminarayan9@gmail.com

મોબાઈલથી પાડેલા ફોટા છપાશે નહિ

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| ચૈત્ર સુદ-૩ | અ.નિ. અમરબાઈ કાનજી પિંડોરીયા (સાટા) | કુંદનપુર-કચ્છ |
| ચૈત્ર સુદ-૫ | વેકરીયા અવનીશ વાલજી (સાટા) | બળદીયા-કચ્છ |
| ચૈત્ર સુદ-૬ | પટેલ અર્પિત સંજયભાઈ (કાજુબદામ-મૈસુબ) | ખાંધલી |
| ચૈત્ર સુદ-૬ | અ.નિ. સોની નટવરભાઈ દેવચંદદાસ (દુધપાક પુરી) | અમદાવાદ |
| ચૈત્ર સુદ-૭ | અ.નિ. ગોરસીયા ધનજી લાલજી (ડ્રાઈફ્રૂટ હલવો) | નારણપર-કચ્છ |
| ચૈત્ર સુદ-૮ | પટેલ અંબાલાલ મગનભાઈ (મોહનથાળ) | ઝુંડાલ |
| ચૈત્ર સુદ-૧૦ | જીવરાજભાઈ દેવરાજભાઈ પરિવાર (સાટા) | |
| ચૈત્ર સુદ-૧૨ | અ.નિ. પટેલ કંકુબેન રણછોડભાઈ (મોતીયા લાડુ) | બાયડ |
| ચૈત્ર સુદ-૧૨ | અ.નિ. હિરાણી દેવજી માવજી (મોતીયા લાડુ) | માંડવી-કચ્છ |
| ચૈત્ર સુદ-૧૩ | અ.નિ. સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી (કેશર મઠ્ઠો) | નારણઘાટ |
| ચૈત્ર સુદ-૧૩ | ભાવસાર વિનોદભાઈ નારણદાસ (મોહનથાળ) | અમદાવાદ |
| ચૈત્ર સુદ-૧૪ | અ.નિ. મકવાણા ગોદાવરીબેન ગોવિંદભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| ચૈત્ર સુદ-૧૪ | અ.નિ. કેરાઈ પાનબાઈ કાનજી (મોહનથાળ) | માનકુવા-કચ્છ |
| ચૈત્ર સુદ-૧૪ | અ.નિ. ગોરસીયા હરજી નારણ (મોહનથાળ) | સુખપર-કચ્છ |
| ચૈત્ર વદ-૧ | વેકરીયા કરશન ભીમજી (સાટા) | રામપર-કચ્છ |
| ચૈત્ર વદ-૧ | હાલાઈ કરશનભાઈ રામજીભાઈ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| ચૈત્ર વદ-૨ | પિંડોરીયા કાંતાબેન નાનજી (મોહનથાળ) | નારણપર-કચ્છ |
| ચૈત્ર વદ-૨ | પાર્ષદ ભલુ ભગત (બુંદીના લાડુ) | અંજાર-કચ્છ |
| ચૈત્ર વદ-૨ | અ.નિ. પટેલ જસીબેન મુકુંદભાઈ (ડ્રાયફ્રૂટ હલવો) | સાચોદર |
| ચૈત્ર વદ-૫ | પટેલ કાશીબેન કેશવલાલ (બુંદીના લાડુ) | ઉનાવા |
| ચૈત્ર વદ-૫ | રાઠોડ વિજય ઘનશ્યામભાઈ (મગસ) | અમદાવાદ |
| ચૈત્ર વદ-૫ | પટેલ અશોકભાઈ ડાહ્યાભાઈ (શીખંડ પુરી) | |
| ચૈત્ર વદ-૫ | પટેલ પિયુષકુમાર હરગોવિંદભાઈ (મગસ) | કરજીસણ |
| ચૈત્ર વદ-૫ | મારફતીયા રમેશભાઈ (સાટા) | અમદાવાદ |
| ચૈત્ર વદ-૫ | ચૌધરી બી. કે. સરોજબેન (શિખંડપુરી) | માણેકપુર-ચૌધરી |
| ચૈત્ર વદ-૫ | ઈલાબેન (મગસ) | અમદાવાદ |
| ચૈત્ર વદ-૬ | પટેલ ભૂપેન્દ્રભાઈ પરસોતમદાસ (બાસુંદી) | અમદાવાદ |
| ચૈત્ર વદ-૯ | પટેલ અતુલભાઈ એમ. (મોહનથાળ) | હરિપુર |
| ચૈત્ર વદ-૧૦ | અ.નિ. વાસુદેવભાઈ ગજ્જર (રસપુરી ટોપરા પાક) | અમદાવાદ |
| ચૈત્ર વદ-૧૨ | શ્રી સ્વામિનારાયણ મહિલા મંડળ અ.નિ. મધુબાના મોક્ષાર્થે (શિખંડપુરી) | બોટાદ |
| ચૈત્ર વદ-૧૩ | સોમાણી નવિનભાઈ રમણીકલાલ (મોહનથાળ) | અમદાવાદ |
| ચૈત્ર વદ-૧૩ | શુકલ હર્ષ મહેન્દ્રભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| ચૈત્ર વદ-૧૩ | કેરાઈ રાધાબેન શામજી (મોહનથાળ) | કુંદનપર-કચ્છ |
| ચૈત્ર વદ-૧૩ | ચૌધરી જોઈતાભાઈ ગબલાભાઈ (મોહનથાળ) | માણેકપુર ચૌધરી |
| ચૈત્ર વદ-૧૩ | અ.નિ. વાલબાઈ કેશરાભાઈ (મોહનથાળ) | માંડવી-કચ્છ |
| ચૈત્ર વદ-૧૩ | હિરાભાઈ શામજીભાઈ (મોહનથાળ) | |
| ચૈત્ર વદ-૧૪ | પટેલ ડાહ્યાભાઈ માધવદાસ (ચુરમાના લાડુ) | ભાઉપુરા |
| ચૈત્ર વદ-૧૪ | અ.નિ. પટેલ માવજીભાઈ આંબાભાઈ (દુધપાક પુરી) | અભરામપુરા |
| ચૈત્ર વદ-૩૦ | ગજ્જર ધર્મિષ્ઠાબેન (મોહનથાળ) | અમદાવાદ |
| ચૈત્ર વદ-૩૦ | રાણા કેશાજી રેવાજી (મોહનથાળ) | નવા ધરમપુર |
| ચૈત્ર વદ-૩૦ | સુહાણી મનોજભાઈ બાબુભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| ચૈત્ર વદ-૩૦ | ભુડીયા દેવજી વાલજી (મોહનથાળ) | |

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

**પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રીજી પ્રસન્નાર્થે**

૧૫૦૧/- કાચા ટેલર પરિવાર કાચા લક્ષ્મણભાઈ, રમણીકભાઈ, લેસ્ટર
મુરજીભાઈ, ચંદુભાઈ, વિનોદભાઈ, પ્રકાશભાઈ આર,
પ્રકાશ એમ. કપીલ, સૂરજ, કુલદિપ, આકાશ, કર્નલ,
પૃથ્વીરાજ ચૌહાણ, સહજ અને વિહાન આદિ પરિવાર
૫૫૫/- પ.પૂ. મોટા મહારાજશ્રીના રાજીપા અર્થે ઈસ્ટ લંડન-ફોટડી(કચ્છ)
ભૂડીયા કાંતિલાલ કેસરા
૫૫૫/- પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના લંડન-ફોટડી(કચ્છ)
રાજીપા અર્થે અ.સૌ. જસવંતીબેન કાંતિલાલ ભૂડીયા ઈસ્ટ
૫૦૦/- પટેલ તુલસીબેન શ્રીહરિ અને ધર્મકુળ પ્રસન્નાર્થે ઈસ્ટ લંડન
૧૦૧/- અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ દહેગામ
માસિક પુણ્ય તિથિ નિમિત્તે
૧૦૦/- મેવાડા રમેશભાઈ જાબુંડાવાળા
અ.નિ. ભાણો અશ્વિનભાઈ ધીરૂભાઈના સ્મરણાર્થે
૫૦૧/- પરમાર જગદીશ બચુલાલ ધૂડકોટ-નાઈરોબી
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૦/- ટાંક અંકિત, નિમેષ, નિયતિ, બિપીન શ્રીજી પ્રસન્નાર્થે મુંબઈ
૧૦૦/- બારોટ ધર્મિષ્ઠાબેન બળદેવભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ઝુલાસણ
૧૦૦/- અ.નિ. કમળાબેન રામભાઈ પટેલના સ્મરણાર્થે મોખાસણ
૫૦૦/- પટેલ ભગવાનભાઈ નાગરભાઈ અમદાવાદ
નવી ઈનોવા ગાડી લાવ્યા તે નિમિત્તે
૧૦૧/- અ.નિ. સોની અપૂર્વ રશ્મિકાન્તના સ્મરણાર્થે દહેગામ
૧૦૦/- ભાવસાર નિલેશકુમાર ઈશ્વરલાલ જન્મદિને મોટપ
૧૦૦/- ચૌધરી હર્ષ જયંતીભાઈ જન્મદિને બાલવા
૨૦૧/- પટેલ શૈલેષકુમાર ભીખાભાઈ વડુ
ચિ. વિશ્વા અને દર્શ ને કેનેડાના વિઝા નિમિત્તે
૧૦૦/- મોદી અમરતલાલ મગનલાલ સેટેલાઈટ
પ.પૂ. મોટા મહારાજશ્રીના જન્મોત્સવ પ્રસંગે
૧૦૦/- અ.નિ. પટેલ ઈશ્વરદાસ ફુલદાસ ગોવિંદપુરા વેડા
૨૯ મી પુણ્યતિથિ નિમિત્તે
૧૫૧/- ચૌધરી ધ્વનીબેન મોનીકાબેન જન્મદિને વેડા પિલવાઈ
૧૦૦/- ચૌધરી રમુબેન ગલ્લાભાઈ વેડા પિલવાઈ
કેનેડાના વિઝા મળ્યા તે નિમિત્તે
૧૦૦/- પટેલ ભાનુબેન મહાદેવભાઈ એનિવર્સરી નિમિત્તે ચાંદલોડીયા
૧૦૦૧/-પટેલ મિતેષ લાલજીભાઈ ન્યુજર્સી
નવા મકાનના વાસ્તુ પૂજન નિમિત્તે
૧૦૦૧/-પટેલ દિવ્યેશ લાલજીભાઈ ન્યુજર્સી
નવા મકાનના વાસ્તુ પૂજન નિમિત્તે
૧૦૧/- જેતલપુરીયા ભીખાભાઈ મોહનલાલ શ્રીજી પ્રસન્નાર્થે આણંદ
૨૫૦૦/-ચૌહાણ નીરૂબેન માધવલાલ જન્મદિને અમદાવાદ
૧૦૦/- ચૂડાસમા નીતુભા હઠુભા એકાદશી નિમિત્તે જીંજર
૨૫૧/- વેકરીયા મંજુલાબેન પી. કૃષ્ણાએ ગાંધીનગર
લંડનમાં નવી કાર લીધી તે નિમિત્તે
૧૦૧/- પટેલ જૈમિન ચિનુભાઈ જન્મદિને નરોડા
૧૦૧/- પટેલ સંજયકુમાર ગેલાભાઈ વિહાર
શ્રી નરનારાયણદેવ સમક્ષ સાકર તુલા નિમિત્તે
૧૫૦/- પટેલ ધ્યાન મનોજભાઈ જન્મદિને ૨૫-૪ ગવાડા
૧૦૧/- દલાલ જયશ્રીબેન મનોજ એનિવર્સરી નિમિત્તે અમદાવાદ
૫૦૧/- મારફતીયા મધુબેન પરસોતમદાસ રાજપુર
મોદી સરકારના ૩ વર્ષની સફળતા નિમિત્તે
૩૦૦/- પટેલ કુસુમબેન જી. શ્રી ઘનશ્યામમહોત્સવ નિમિત્તે મહેસાણા
૧૦૧/- ભાવસાર સ્વીટીબેન દેવેન્દ્રભાઈ જન્મદિને અમદાવાદ
૧૧૧/- ભાવસાર ચંદનબેન દેવેન્દ્રભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- પટેલ અમિત ઘનશ્યામભાઈ નરોડા
ચિ. જયની પ્રથમનંબરે પાસ થઈ તે નિમિત્તે
૨૦૦/- અ.નિ. વણોલ લાલજીભાઈ કમાભાઈના ટીંબા
સ્મરણાર્થે તા. ૨૪-૪
૧૦૦/- કથીરીયા યોગેશભાઈ દેવચંદભાઈ અમદાવાદ
તેમના પુત્રને ધો-૧૧ માં સારા ટકા નિમિત્તે
૧૦૦/- કથીરીયા હર્ષ યોગેશભાઈ જોબ નિમિત્તે અમદાવાદ
૧૦૧/- કા. ચિમનભાઈ મણીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મલાડ-મુંબઈ
૧૦૧/- કા. હાર્દિક નિતિનકુમાર શ્રીજી પ્રસન્નાર્થે કપડવંજ
૧૦૧/- પટેલ ચેતનભાઈ ગોવિંદભાઈ નવું ટુ-વ્હીલર નિમિત્તે કુહા
૨૦૧/- બારભાયા લલીતરાય અમરશી
કેલીફોર્નીયા નવા મકાનમાં ગૃહ પ્રવેશ નિમિત્તે
૧૦૦/- પટેલ ૠત્વીક બાબુભાઈ ધો-૧૧ માં સારા ટકા નિમિત્તે દેઉસણા
૧૦૦/- પટેલ શિવાંગી બાબુભાઈ ધો-૭ માં સારા ટકા નિમિત્તે દેઉસણા
૧૫૧/- પટેલ અંજનાબેન નટવરભાઈ જોબમાંથી નિવૃત્તિ નિમિત્તે બોપલ
૧૦૦/- પટેલ વીણાબેન ચુનીલાલ જન્મદિને દહેગામ
૧૦૦/- પટેલ દર્શિત મનુભાઈ જન્મદિને દહેગામ
૨૦૦/- ચાવડા પૃથ્વીરાજસિંહ હેમાભાઈ નવું બાઈક નિમિત્તે ડુમાણા
૧૦૧/- પટેલ રિયા આશિકકુમાર એનિવર્સરી નિમિત્તે અમદાવાદ
૨૦૦/- પટેલ નમ્રતા સુમિતકુમાર શ્રીજી પ્રસન્નાર્થે ઉનાવા
૧૧૧/- અ.નિ. મોદી રણછોડલાલ સુરચંદદાસના સ્મરણાર્થે મહેસાણા
૧૧૧/- અ.નિ. મહેતા મણીલાલ મુલચંદના સ્મરણાર્થે સાબરમતી
૩૧૧/- પટેલ એસ.એસ. એનિવર્સરી નિમિત્તે વિહાર
૧૦૧/- પટેલ મિત પ્રણવભાઈ સારા ટકાએ પાસ થયા તે નિમિત્તે બાવળા
૨૦૦/- પટેલ લીયાનકુમાર પંકજભાઈ જન્મદિને વિહાર
૧૦૧/- પટેલ પ્રહલાદભાઈ નારણદાસ અમેરિકામાં પરિવારના સુખાર્થેકોઠા
૧૦૧/- રાઠોડ કૌશિક-ભાવનાબેન એનિવર્સરી નિમિત્તે મુંબઈ
૨૫૧/- રાઠોડ શિતલ પરેશ મુંબઈ
શ્રી નરનારાયણદેવ કૃપાથી સ્વાસ્થ્ય સારૂ થયું તે નિમિત્તે
૧૦૦/- પટેલ રમાબેન મનહરભાઈ ચિ. ભાણી અમીને જોબ નિમિત્તેબાયડ
૧૦૦/- અ.નિ. પટેલ આશિષકુમાર જયંતીભાઈના સ્મરણાર્થે ચાંદખેડા
૧૦૦/- મોદી હિરાબેન મફતલાલ શ્રીજી પ્રસન્નાર્થે ચાંદખેડા
૨૫૦૦/-ચૌહાણ નીરૂબેન માધવલાલ અમદાવાદ
જન્મદિને શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૧/- ટાંક ભવાનભાઈ નારણભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તેરાજકોટ
૨૫૧/- ચૌહાણ ચેતનકુમાર મગનભાઈ શુભ લગ્ન પ્રસંગે સુરત
૨૫૧/- ચૌહાણ નિલમબેન ચેતનકુમાર પુત્ર વધુના લગ્ન પ્રસંગે સુરત
૧૦૦/- અ.નિ. મોરી ધૂડીબેન રૂપાભાઈના સ્મરણાર્થે ડેડીયાસણ


| | | |
|---|---|---|
| ૧૦૦/- | અ.નિ. પટેલ શૈલેષભાઈ બાબુલાલ પુણ્ય તિથિ નિમિત્તે | માણસા |
| ૧૦૦/- | ચૌહાણ આયુષસિંહ વજેસિંહ પુણ્ય તિથિ નિમિત્તે | ટાંકીયા |
| ૧૦૦/- | ચૌહાણ માધવસિંહ ખુમાનસિંહ | ટાંકીયા |
| | નરોડા નવું મકાન લીધું તે નિમિત્તે | |
| ૧૦૦/- | ચોટલીયા સતિષ પ્રેમજી જન્મદિને | ધૂડકોટ |
| ૧૦૦/- | ચોટલીયા પ્રિયંકા પ્રેમજીભાઈ | ધૂડકોટ |
| | ધો-૧૧ માં પ્રથમનંબરે પાસ થયા તે નિમિત્તે | |
| ૨૦૧/- | રાઠોડ તેજ અમિષ તેમના દાદાનું | મુંબઈ |
| | બાયપાસ સફળ થયું તે નિમિત્તે | |
| ૫૦૦/- | ચૌધરી હીરાબેન રમણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | બાલવા |
| ૧૦૦/- | ચૌધરી વર્ષાબેન જીગ્નેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | બાલવા |
| ૧૦૦/- | ચૌધરી શાંતાબેન જેશંગભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | બાલવા |
| ૧૦૦/- | ચૌધરી રીયાબેન અલ્કેશભાઈ જન્મદિને | બાલવા |
| ૧૦૦/- | ચૌધરી સૃષ્ટિ દશરથભાઈ સારા ટકાએ પાસ થયા તે નિમિત્તેબાલવા | |
| ૧૦૦/- | ચૌધરી જીતીબેન જેશંગભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | બાલવા |
| ૧૦૦/- | ચૌધરી તખીબેન કાનાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | બાલવા |
| ૧૦૦/- | ચૌધરી મેનાબેન બળદેવભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | બાલવા |
| ૨૦૦/- | પટેલ રાજુભાઈ બિપીનભાઈ પગાર વધ્યો તે નિમિત્તે | લખતર |
| ૧૦૦/- | પટેલ સ્નેહાબેન જસુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | લવારપુર |
| ૧૦૦/- | અ.નિ. પટેલ જગદીશભાઈ હેમાભાઈના સ્મરણાર્થે | પરઢોલ |
| ૧૦૦/- | પટલે ગીરીશભાઈ ગોવિંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | પરઢોલ |
| ૧૦૦/- | પટેલ સંસ્કાર ગોપાલભાઈ તા. ૨-૫ જન્મદિને | બાયડ |
| ૧૦૦/- | પટેલ યુવરાજ ગોપાલભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | બાયડ |
| ૧૦૧/- | પટેલ ક્રિષ્ણાબેન પિયુષકુમાર શ્રીજી પ્રસન્નાર્થે | સૂકાટીંબા |
| ૧૦૦/- | પટેલ પ્રવિણકુમાર જગજીવનદાસ શ્રીજી પ્રસન્નાર્થે | જાનવડ |
| ૧૦૦/- | અ.નિ. ડાભી રામાજી અમથાજી પ્રથમપુણ્ય તિથિ નિમિત્તેડાંગરવા | |
| ૧૦૦/- | ચૌધરી વેલજીભાઈ બાપુજી શ્રીજી પ્રસન્નાર્થે | બાલવા |
| ૧૫૦/- | પટેલ રણછોડભાઈ અંબાલાલ શ્રીજી પ્રસન્નાર્થે | કલોલ |
| ૧૦૦/- | મોરી અશોકભાઈ કાનજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | કાલીયાણા |
| ૧૦૦/- | મોરી પથાભાઈ મલુભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે | કાલીયાણા |
| ૧૦૦/- | મોરી દિલીપભાઈ કમાભાઈ ચિ. યુવરાજના જન્મદિને | કાલીયાણા |
| ૧૦૦/- | પરમાર દિલીપસિંહ ગગજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | બળોલ-ભાલ |
| ૧૧૧/- | પટેલ સવિતાબેન અરવિંદભાઈ અમેરિકાના વિઝા નિમિત્તેવક્તાપુર | |
| ૧૦૦/- | પટેલ જીમી ચંદ્રેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | બાયડ |
| ૧૦૦/- | પટેલ ભૂમિચંદ્રેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | બાયડ |
| ૧૦૧/- | પટેલ રમાબેન મનહરભાઈ સન્નીને જોબ મળી તે નિમિત્તે | બાયડ |
| ૨૦૦/- | પટેલ અરવિંદભાઈ ગોરધનદાસ જન્મદિને | કરજીસણ |
| ૧૦૦/- | પટેલ જૈમિન રસિકભાઈ પુત્ર જન્મપ્રસંગે | વક્તાપુર |
| ૧૦૦/- | પટેલ કાનજીભાઈ મોતીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | ખેરોલ |
| ૧૦૧/- | ઠક્કર જેની રાજેશકુમાર જન્મદિને | વિરમગામ |
| ૧૦૦/- | મોરી દિલીપભાઈ કમાભાઈ નવી દુકાન કરી તે નિમિત્તેકાલીયાણા | |
| ૨૫૧/- | ચોટલીયા નરેન્દ્રભાઈ નરસીભાઈ | સુરત |
| | ચિ. સુપુત્રી જીગીશાના લગ્ન પ્રસંગે | |
| ૧૦૦/- | પટેલ અંકિત ચંદુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | સાચોદર |
| ૧૦૦/- | પટેલ પ્રિયંકા ચંદુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | સાચોદર |
| ૧૦૧/- | કુકડીયા ધ્રુવાંશી અંકિત શ્રીજી પ્રસન્નાર્થે | માંડવી |
| ૧૧૧/- | સાપરીયા વીરા નિલકંઠ શ્રીજી પ્રસન્નાર્થે | વલસાડ |
| ૧૫૧/- | પટેલ વિદ્યાબેન અશ્વિનભાઈ | ઈટાદરા |
| | ચિ. ભાણેજ દેવર્ષને સાકરતુલા નિમિત્તે | |
| ૧૦૨/- | પટેલ ભવ્યાબેન વિનોદકુમાર | અમદાવાદ |
| | ૧૨ સાયન્સમાં ૯૨ ટકા નિમિત્તે | |
| ૫૦૧/- | ઝાલા ચંદ્રિકાબેન ગુલાબસિંહના સ્મરણાર્થે | અમદાવાદ |
| ૧૦૦/- | પટેલ અંકિત વિક્રમભાઈ નવું મકાન લીધું તે નિમિત્તે | વહેલાલ |
| ૧૦૦/- | પટેલ ક્રિનલ વસંતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | વહેલાલ |
| ૧૦૦૧/- | દવે કિશોરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | ગાંધીનગર |
| ૨૦૦/- | ચોકસી પટેલ સોમાભાઈ ભગવાનદાસ | વિહારવાળા |
| | ચિ. પૌત્રી ઉર્વસીબેનના લગ્ન પ્રસંગે | |
| ૧૦૦/- | શાહ હિરલબેન આકાશકુમાર | સારસા |
| | કેનેડા પી.આર. થયા તે નિમિત્તે | |
| ૧૦૦/- | પટેલ દીશાબેન અરવિંદભાઈ વેવિશાળ નિમિત્તે | અસલાલી |
| ૧૦૦/- | પટેલ ધ્રુવ અરિવંદભાઈ | અસલાલી |
| | ધો-૧૨ સાયન્સમાં ૮૫ ટકા આવ્યા તે નિમિત્તે | |
| ૧૦૦/- | પટેલ મમતાબેન અરવિંદભાઈ એનિવર્સરી નિમિત્તે | અસલાલી |
| ૫૦૦/- | પટેલ તારાબેન કાંતિભાઈ નવું ટ્રેક્ટર લાવ્યા તે નિમિત્તે | લાલોડા |
| ૧૦૦/- | પટેલ સમીર મહેન્દ્રભાઈ જન્મદિને | સીમરીકંપા |
| ૧૦૦/- | પટેલ મંજુલા અશ્વિનકુમાર શ્રીજી પ્રસન્નાર્થે | વાગોસણા |
| ૧૦૦/- | પટેલ રમણભાઈ મરઘાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | સાબરમતી |
| ૧૦૦/- | પટેલ શારદાબેન પરસોતમદાસ શ્રીજી પ્રસન્નાર્થે | ગાંધીનગર |
| ૧૦૦/- | પટેલ લલીતાબેન રમણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | સાબરમતી |
| ૧૦૦/- | પટેલ દિવ્યા ધીરેનકુમાર શ્રીજી પ્રસન્નાર્થે | સાબરમતી |
| ૧૦૦/- | પટેલ ધિરેનકુમાર રમણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | સાબરમતી |
| ૧૦૦/- | કા. વિમલકુમાર નારણદાસ શ્રીજી પ્રસન્નાર્થે | ધનસુરા |
| ૧૫૧/- | ભાવસાર પ્રવિણભાઈ હરિભાઈ ગાડી લાવ્યા તે નિમિત્તે | ચાંદખેડા |
| ૫૦૦/- | પટેલ પરાગ પરસોતમદાસ નવું મકાન નિમિત્તે | અમેરિકા |
| ૨૫૦/- | પટેલ રણછોડભાઈ દેવજીભાઈ | આણંદપુર-ભાલ |
| | ચિ. ચિરાગને ત્યાં પુત્રીના જન્મપ્રસંગે | |
| ૨૦૦/- | પટેલ જયેશકુમાર માધવલાલ એનિવર્સરી નિમિત્તે | વડુ |
| ૨૫૧/- | રામપરીયા હિતેન્દ્રભાઈ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે | મુંબઈ |
| ૨૦૧/- | ભાવસાર ભગવતીબેન હસમુખભાઈ | અમદાવાદ |
| | ૫૦ મી એનિવર્સરી નિમિત્તે | |
| ૧૦૦/- | ડાભી દિગ્વિજયસિંહ પૃથ્વીસિંહ | ડાંગરવા |
| | વિદેશ જવાના વિઝા મળ્યા તે નિમિત્તે | |
| ૧૦૧/- | ડાભી નાથુભા કેશુજી પ્રથમમાસિક પુણ્ય તિથિ નિમિત્તે | ડાંગરવા |
| ૨૦૦/- | ડાભી કિરીટસિંહ પ્રભાતસિંહ | ડાંગરવા |
| | ચિ. પ્રીતિબા તથા યુવરાજસિંહના જન્મદિને | |
| ૧૦૦/- | મીસ્ત્રી પ્રાણભાઈ નારદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | રતનપર |
| ૧૧૧/- | કાનાણી આર્યકુમાર મેહુલભાઈ જન્મદિને | બાપુનગર |
| ૧૦૦/- | પટેલ કૈલાશબેન વિષ્ણુભાઈ પુલ્હાશ્રમયાત્રા નિમિત્તે | નાંદોલ |
| ૨૦૦/- | પટેલ દિપેક્ષા કુર્યનભાઈ સહપરિવાર | ઉનાવા |
| | ઓસ્ટ્રેલીયા ગયા તે નિમિત્તે | |
| ૧૦૦/- | કા. હર્ષદભાઈ શાંતિલાલ શ્રીજી પ્રસન્નાર્થે | બાલાસિનોર |
| ૧૦૦/- | કા. માન્ય અપૂર્વભાઈ જન્મદિને તા. ૨૫-૫ | બાલાસિનોર |
| ૧૦૧/- | પટેલ ભાનુમતી શિવનારાયણ ૫૦ મી એનિવર્સરી નિમિત્તે | મુંબઈ |

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.



















૧. શ્રી સ્વામિનારાયણ મંદિર રનેલા (પંચમહાલ)માં મૂર્તિપ્રતિષ્ઠા કરતા તથા સભામાં દર્શન આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી. ૨.શ્રી સ્વામિનારાયણ મંદિર ઉનાવાના ઉપમાં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજી સમક્ષ અન્નકૂટ દર્શન તથા સભામાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રીનું પૂજન-આરતી ઉતારતા યજમાન પરિવાર. ૩.ઈડર મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની અન્નકૂટ દર્શન તથા સભામાં પ.પૂ.મહારાજશ્રીની આરતી ઉતારતા યજમાન પરિવાર. ૪.ધોળકા મંદિરના પાટોત્સવ પ્રસંગે સભામા દર્શન આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. પ.ઘાટલોડિયા (આર.સી.ટેકનીકલ) મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે વ્યાસપીઠનું પૂજન કરતા અમદાવાદ મંદિરના મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજી,શા.સ્વામી નારાયણવલ્લભદાસજી (વડનગર) તથા યજમાન પરિવાર.

Registered under RNI-GUJ Guj /2007/20221 "Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC. - 003/15-17 issued ssp Ahd Valid up to 31-12-2017 Licenced to Post without pre payment No. CPMG/GJ/01/2015 valid up





શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર મંદિરમાં શ્રી ઘનશ્યામ મહોત્સવ પ્રસંગે શ્રી બાળ સ્વરૂપ ઘનશ્યામ મહારાજનો મહાભિષેક કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.લાલજી મહારાજશ્રી અને અન્નકૂટ આરતી ઉતારતા પ.પૂ.મોટા મહારાજશ્રી




Praful Kharsani